મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત

# તારાદિત્રય બત્રીશી

## એક પરિશીલન

૨૨

: સંકલન :

પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

: પ્રકાશક :

શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રીલિજીયસ ટ્રસ્ટ

મહામહોપાધ્યાય શ્રીમદ્યશોવિજયજી મહારાજા-
વિરચિત 'द्वात्रिंशद्-द्वात्रिंशिका' પ્રકરણાન્તર્ગત

# તારાદિત્રય બત્રીશી-એક પરિશીલન

(૨૨)

: પરિશીલન :

પૂ. પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ સ્વ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂ. મ.સા. ના
પટ્ટાલંકાર પૂ. સ્વ. આ. ભ. શ્રી.વિ. મુક્તિચન્દ્રસૂ. મ. સા. ના શિષ્યરત્ન
પૂ. સ્વ. આ. ભ. શ્રી. વિ. અમરગુપ્તસૂ. મ. સા. ના શિષ્યરત્ન
પૂ. આ. ભ. શ્રી. વિ. ચન્દ્રગુપ્તસૂ. મ.

: પ્રકાશન :

**શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રીલીજીયસ ટ્રસ્ટ**

**એક સદ્ગૃહસ્થ - મુંબઈ**

**તારાદિત્રય બત્રીશી-એક પરિશીલન - ૨૨**

આવૃત્તિ - પ્રથમ : પ્રકાશન : વિ. સં. ૨૦૬૦

નકલ - ૧૦૦૦ શ્રી અનેકાન્ત પ્રકાશન- જૈન રીલીજીયસ ટ્રસ્ટ

: પ્રાપ્તિસ્થાન :

**શા. સૂર્યકાન્ત ચતુરલાલ**
મુ. પો. મુરબાડ (જિ. ઠાણે)

**જતીનભાઇ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયાશેરી :
મહીધરપુરા, સુરત - ૩૯૫૦૦૩

**મુકુંદભાઈ આર. શાહ**
૫, નવરત્ન ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ
પાલડી- અમદાવાદ-૭

**વિજયકર કાંતિલાલ ઝવેરી**
પ્રેમવર્ધક ફ્લેટ્સ્
નવા વિકાસગૃહ માર્ગ-પાલડી
અમદાવાદ- ૩૮૦૦૦૭

**પ્રમોદ છોટાલાલ શાહ**
૧૦૨, વોરા આશિષ, પં. સોલીસીટર રોડ,
મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૭.

: આર્થિક સહકાર :

**એક સદ્ગૃહસ્થ - મુંબઈ**

: મુદ્રણ વ્યવસ્થા :

કુમાર
૨૦૩ કેન્ટ ગાર્ડન, જામલી ગલી,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૯૨. ફોન : ૩૧૦૭ ૮૫૪૦

**પરિશીલનની પૂર્વે...**

અનંતોપકારી શ્રી અરિહંતપરમાત્માના પરમતારક શાસનની એકમાત્ર આરાધનાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ મોક્ષૈકલક્ષી આરાધના કરવાની ભાવના હોવા છતાં દરેક આરાધક મુમુક્ષુ આત્માને તથાભવ્યત્વાદિના યોગે આરાધનાની સામગ્રી એકસરખી મળી જતી નથી. મળેલી સામગ્રીનો શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ ઉપયોગ કરી લેતાં આવડે તો ઉત્તરોત્તર વિશિષ્ટ સામગ્રીની પ્રાપ્તિ દ્વારા ક્રમે કરી આત્માને મોક્ષપ્રાપ્તિ સરળ બને છે. આત્માના આ વિકાસક્રમની વાત યોગની આઠ દૃષ્ટિઓમાં સમાઈ છે. મિત્રાદિ દૃષ્ટિઓની અવસ્થાનું વર્ણન આરંભેલું છે. આ પૂર્વે મિત્રાબત્રીસીમાં 'મિત્રા'દૃષ્ટિનું વર્ણન કર્યું છે. આ બત્રીસીમાં તારા, બલા અને દીપ્રા : આ ત્રણ દૃષ્ટિઓનું વર્ણન કરાય છે.

બીજી 'તારા'દૃષ્ટિમાં છાણાના અગ્નિના કણ જેવો બોધ હોય છે. યોગના આઠ અંગમાંથી બીજા 'નિયમ'ની પ્રાપ્તિ થાય છે. યોગના અદ્વેષાદિ આઠ ગુણોમાંથી બીજા ગુણ સ્વરૂપે તત્ત્વજિજ્ઞાસાની પ્રાપ્તિ થાય છે અને યોગના અવરોધક એવા ખેદાદિ દોષોમાંથી ઉદ્વેગ નામનો દોષ જાય છે. શૌચ સંતોષ સ્વાધ્યાય તપ અને ઈશ્વરનું પ્રણિધાન : આ પાંચ નિયમોનું સ્વરૂપ વર્ણવીને તેના ફળનું વર્ણન પાતંજલ યોગસૂત્રના આધારે કર્યું છે. આ દૃષ્ટિમાં અવિચ્છિન્ન (અખંડપણે) યોગકથાની પ્રીતિ થાય છે. તે એક તારાદૃષ્ટિની અદ્‌ભુત સિદ્ધિ છે. અશુભ પ્રવૃત્તિના અભાવે ભવનો ભય રહેતો નથી. પોતાના વિકલ આચરણથી ત્રાસ પામે છે. યોગીઓના વિશુદ્ધ આચરણને જોઈને આ કઈ રીતે થાય... ઈત્યાદિ પ્રકારની જિજ્ઞાસા આ દૃષ્ટિમાં થતી હોય છે અને પોતામાં પ્રજ્ઞાનો અભાવ છે એમ માનીને શિષ્ટ પુરુષોના વચનનું પ્રામાણ્ય આ દૃષ્ટિમાં બહુમાનપૂર્વક સ્વીકારાય છે. જેથી ત્રીજી બલાદૃષ્ટિને પ્રાપ્ત કરવા માટે ખૂબ જ અનુકૂળતા મળે છે... ઈત્યાદિનું વર્ણન નવ શ્લોક દ્વારા કરાયું છે.

દશમા શ્લોકથી ત્રીજી બલાદૃષ્ટિનું વર્ણન કરાય છે. કાષ્ઠના અગ્નિના કણ જેવો અહીં બોધ હોય છે. આસન નામનું ત્રીજું યોગનું અંગ હોય છે. યોગના વિષયમાં ક્ષેપ નામના દોષનો અભાવ હોય છે અને યોગના ગુણમાંથી તત્ત્વશુશ્રૂષા નામનો ગુણ સવિશેષ પ્રાપ્ત થાય છે, જે સાધકને ચોથી દૃષ્ટિએ લઈ જવા માટેનું મહત્ત્વપૂર્ણ સાધન છે.

આસન, ક્ષેપાભાવ અને તત્ત્વશુશ્રૂષાનું ફળ યોગસૂત્રમાં જે રીતે વર્ણવ્યું છે, તે પ્રમાણે જણાવીને પંદરમા શ્લોકથી આ દૃષ્ટિમાં પ્રાપ્ત થતી અનુષ્ઠાનની પુષ્ટતા જણાવી છે.

સોળમા શ્લોકથી ચોથી દીપ્રાદૃષ્ટિનું વર્ણન શરૂ થાય છે. અહીં દીપપ્રભાસમાન બોધ હોય છે. ઉત્થાન નામના દોષનો અભાવ હોય છે. યોગના અઙ્ગ તરીકે પ્રાણાયામની પ્રાપ્તિ થાય છે અને તત્ત્વશ્રવણ સ્વરૂપ ગુણની પ્રાપ્તિ થતી હોય છે. એથી મધુર પાણીના સિઞ્ચનથી જેમ બીજોનો પ્રાદુર્ભાવ થાય છે, તેમ અહીં યોગબીજોનો પ્રાદુર્ભાવ થાય છે. પ્રાણાયામનું સ્વરૂપ યોગસૂત્રમાં જણાવ્યા મુજબનું જણાવીને તેની યોગાઙ્ગતા કઈ રીતે છે-તેનું વર્ણન અહીં વિસ્તારથી કર્યું છે. તે પ્રાણાયામ યોગની સાધનામાં બધા માટે ઉપયોગી બનતો ન હોવાથી ભાવપ્રાણાયામનું અહીં વર્ણન કર્યું છે, જે યોગની સાધનામાં અનિવાર્ય છે-એ સ્પષ્ટ રીતે જણાવ્યું છે.

આ દૃષ્ટિમાં ભાવપ્રાણાયામના કારણે પોતાના પ્રાણ કરતાં પણ ધર્મનું મૂલ્ય અત્યધિક છે-એ સમજાય છે. તેથી ધર્મ માટે પ્રાણનો ત્યાગ કરવાનું સત્ત્વ પ્રગટે છે...ઈત્યાદિનું વર્ણન કરીને બાવીશમા શ્લોકથી તત્ત્વશ્રવણનું ફળ વર્ણવ્યું છે. આમ છતાં અર્થાત્ તત્ત્વશ્રવણ કરવા છતાં અહીં સૂક્ષ્મબોધ પ્રાપ્ત થતો નથી. કારણ કે અહીં વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ થતી નથી. સૂક્ષ્મબોધના પ્રયોજક એવા એ વેદ્યસંવેદ્યપદથી વિપરીત એવું અવેદ્યસંવેદ્યપદ જ આ દૃષ્ટિમાં હોય છે. આ બંન્ને પદનું સ્પષ્ટ નિરૂપણ અહીં કરાયું છે. એના તાત્ત્વિક અને અતાત્ત્વિક સ્વરૂપને જણાવીને તેથી આત્માની જે સ્થિતિ થાય છે તેનું પણ વર્ણન અહીં વિસ્તારથી કર્યું છે.

અંતે ભોગસુખમાં આસક્ત બનેલા એવા આત્માઓ આ અવેદ્યસંવેદ્યપદના કારણે અસત્ ચેષ્ટાઓથી પોતાના આત્માને મલિન કરે છે એ જણાવીને અવેદ્યસંવેદ્યપદને જીતવાનો ઉપાય દર્શાવ્યો છે. એ મુજબ સત્સઙ્ગ અને આગમના યોગને પ્રાપ્ત કરી; દુર્ગતિપ્રદ એવા કઠોર અવેદ્યસંવેદ્યપદને જીતવા આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા...

'રત્નપુરી' મલાડ (ઈસ્ટ) — આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ

વૈ.વ. ૧૦ તા. ૧૩-૫-૨૦૦૪

## अथ प्रारभ्यते तारादित्रयद्वात्रिंशिका ।

મિત્રાદૃષ્ટિનું નિરૂપણ આ પૂર્વે કર્યું. હવે તારા, બલા અને દીપ્રા-એ ત્રણ દૃષ્ટિઓનું નિરૂપણ કરાય છે-

**तारायां तु मनाक् स्पष्टं, दर्शनं नियमाः शुभाः ।**
**अनुद्वेगो हितारम्भे, जिज्ञासा तत्त्वगोचरा ॥२२-१॥**

"તારાદૃષ્ટિમાં થોડું દર્શન સ્પષ્ટ હોય છે; નિયમો શુભ હોય છે; હિતના આરંભમાં ઉદ્વેગ હોતો નથી; અને તત્ત્વના વિષયમાં જિજ્ઞાસા હોય છે..."-આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આ પૂર્વેની બત્રીશીમાં મિત્રાદૃષ્ટિનું નિરૂપણ કર્યું. આ બત્રીશીમાં તારા, બલા અને દીપ્રા દૃષ્ટિનું નિરૂપણ કરવાનું છે. એમાં તારાદૃષ્ટિનું નિરૂપણ આ પ્રથમ શ્લોકથી કરાય છે.

મિત્રાદૃષ્ટિમાં તૃણના અગ્નિના કણ જેવો બોધ હોવાથી દર્શન મંદ હતું. તેની અપેક્ષાએ અહીં તારાદૃષ્ટિમાં થોડું સ્પષ્ટ દર્શન છે. કારણ કે છાણાના અગ્નિના કણ જેવો બોધ અહીં હોય છે. યોગનાં આઠ અઙ્ગમાંથી બીજા નિયમ સ્વરૂપ અઙ્ગની પ્રાપ્તિ થાય છે. જેનું સ્વરૂપ હવે પછી વર્ણવાશે. સામાન્યપણે તેના, ઈચ્છા પ્રવૃત્તિ સ્થિરતા અને સિદ્ધિને આશ્રયીને ચાર પ્રકાર છે. પ્રશસ્ત એ નિયમોની પ્રાપ્તિ તારાદૃષ્ટિમાં થાય છે. યોગના બાધક એવા ખેદાદિ આઠ દોષોમાંથી બીજો ઉદ્વેગ નામનો દોષ આ દૃષ્ટિમાં હોતો નથી. તેથી પરલોકસંબંધી પ્રશસ્ત અનુષ્ઠાનની પ્રવૃત્તિ સ્વરૂપ હિતારંભમાં અહીં અનુદ્વેગ હોય છે. તેમ જ તત્ત્વને જાણવાની ઈચ્છા સ્વરૂપ જે જિજ્ઞાસા ગુણ છે; તેનો અહીં આવિર્ભાવ થાય છે. આ પૂર્વે તત્ત્વ પ્રત્યે અદ્વેષ સિદ્ધ

હોવાથી તત્ત્વની પ્રતિપત્તિ(અભ્યુપગમ-સ્વીકાર...)ને અનુકૂળતા પ્રાપ્ત થવાથી તત્ત્વજિજ્ઞાસા તારાદષ્ટિમાં હોય છે. ખેદાદિ આઠ દોષોનું વર્ણન અને અદ્વેષાદિ આઠ ગુણોનું વર્ણન આ પૂર્વે કર્યું છે. (જુઓ બત્રીશી નં. ૧૮ અને ૨૦) તેમ જ 'ષોડશક એક પરિશીલન'માં વિસ્તારથી કર્યું છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી જ તે જાણી લેવું જોઈએ. યોગદષ્ટિ એક પરિશીલનમાં પણ વિસ્તારથી એ વિષયમાં જણાવ્યું છે. ॥૨૨-૧॥

❀❀❀

તારાદષ્ટિમાં યોગના બીજા અઙ્ગભૂત નિયમની પ્રાપ્તિ થાય છે. એ નિયમનું સ્વરૂપ વર્ણવાય છે-

**नियमाः शौचसन्तोषौ स्वाध्यायतपसी अपि ।**
**देवताप्रणिधानं च योगाचार्यैरुदाहृताः ॥२२-२॥**

શૌચ સંતોષ સ્વાધ્યાય તપ અને દેવતાનું પ્રણિધાન: આ પાંચ નિયમ છે-એમ યોગાચાર્યોએ જણાવ્યું છે-આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે- શુચિત્વ સ્વરૂપ શૌચ છે. બાહ્ય અને આભ્યંતર ભેદથી એ શૌચ બે પ્રકારનું છે. માટી અને પાણી વગેરેથી કાયાનું પ્રક્ષાલન કરવા સ્વરૂપ બાહ્ય શૌચ(પવિત્રતા) છે અને આભ્યંતર શૌચ, મૈત્રી પ્રમોદ વગેરે ભાવનાથી ચિત્તનું પ્રક્ષાલન કરવા સ્વરૂપ છે.

સંતુષ્ટિ સ્વરૂપ સંતોષ પ્રસિદ્ધ છે. પ્રણવ(ओं)પૂર્વક મંત્રોના જાપ સ્વરૂપ સ્વાધ્યાય છે. કૃચ્છ્ર અને ચાંદ્રાયણ વગેરે તપ છે. કૃચ્છ્રતપ અને ચાંદ્રાયણ તપ વગેરે તપનું

સ્વરૂપ બારમી યોગપૂર્વસેવા બત્રીશીમાં જણાવ્યું છે. (જુઓ બારમી બત્રીશી શ્લો.નં. ૧૯-૧૮...) ત્યાંથી એનું સ્વરૂપ યાદ કરી લેવું જોઈએ. લૌકિક તપનું એ સ્વરૂપ છે. લોકોત્તરપ્રસિદ્ધ તપનું સ્વરૂપ તેની અપેક્ષાએ જુદું છે. સામાન્ય રીતે પાંચ નિયમો લોકમાં પ્રસિદ્ધ હોવાથી લોક-પ્રસિદ્ધ તપનું અહીં વર્ણન છે. આમ પણ મિત્રાદિ ચાર દષ્ટિઓ લોકમાં પણ સંભવે છે. તેથી અહીં તારાદષ્ટિમાં પ્રાપ્ત થયેલા નિયમમાં અંતર્ગત તપ, લોકને આશ્રયીને જણાવ્યો છે.

ઈશ્વરપ્રણિધાન સ્વરૂપ દેવતાપ્રણિધાન છે. જેટલાં પણ આપણે સત્કર્મ કરીએ; તે બધાંય સત્કર્મોના ફળની અપેક્ષા રાખ્યા વિના તેનું પરમાત્માને સમર્પણ કરવું-એ ઈશ્વરપ્રણિધાન છે. શૌચ સંતોષ સ્વાધ્યાય તપ અને ઈશ્વર-પ્રણિધાન : આ પાંચને પતંજલી વગેરે યોગાચાર્યોએ નિયમ તરીકે વર્ણવ્યા છે. 'શૌચ સંતોષ તપ સ્વાધ્યાય અને ઈશ્વરનું પ્રણિધાન : નિયમ છે.'-આ પ્રમાણે યોગસૂત્રમાં (૨-૩૨માં) જણાવ્યું છે. ॥૨૨-૨॥

❀❀❀

શૌચ-નિયમનું તેના ફળને આશ્રયીને નિરૂપણ કરાય છે-

**शौचभावनया स्वाङ्गजुगुप्साऽन्यैरसङ्गमः ।**
**सत्त्वशुद्धिः सौमनस्यैकाग्र्याक्षजययोग्यता ॥२२-३॥**

"શૌચભાવનાથી પોતાના શરીર પ્રત્યે જુગુપ્સા થાય છે. બીજાના શરીર સાથેના સંસર્ગનો અભાવ થાય છે. સત્ત્વની શુદ્ધિ પ્રાપ્ત થાય છે. સૌમનસ્ય, એકાગ્રતા, ઈન્દ્રિયો

ઉપર વિજય અને યોગ્યતા પ્રાપ્ત થાય છે.''-આ પ્રમાણે ત્રીજા શ્લોકનો શબ્દશ: અર્થ છે. કહેવાનો આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ શૌચ, બાહ્ય અને આભ્યંતર ભેદથી બે પ્રકારનું છે. તેના અભ્યાસ(વારંવાર સેવન)થી જે ફળ પ્રાપ્ત થાય છે; તે આ શ્લોકથી જણાવ્યું છે. બાહ્યશૌચની ભાવનાથી પ્રાપ્ત થનાર ફળનું વર્ણન, આ શ્લોકના પૂર્વાર્દ્ધથી કર્યું છે અને ઉત્તરાર્દ્ધથી આભ્યંતર શૌચભાવનાથી પ્રાપ્ત થનાર ફળનું વર્ણન કર્યું છે, જેનું તાત્પર્ય નીચે જણાવ્યા મુજબ છે.

માટી અને પાણી વગેરેથી પોતાના શરીરની વારંવાર શુદ્ધિ કરવામાં આવે તો ય શરીર તો સદાને માટે શુચિ (પવિત્ર-શુદ્ધ) રહેતું જ નથી. તેથી જ તો તેને વારંવાર શુદ્ધ કરવું પડે છે... ઈત્યાદિ રીતે શૌચભાવનાથી ભાવિત બનવાના કારણે પોતાના શરીરના કારણસ્વરૂપની વિચારણાથી સાધકને શરીર પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થાય છે. અર્થાદ્ આ કાયા અપવિત્ર છે, એનો આગ્રહ(મમત્વ) રાખવાજેવો નથી... ઈત્યાદિ પરિણામ ઉત્પન્ન થાય છે. તેમ જ બીજાના શરીરની સાથેનો સંપર્ક પણ દૂર થાય છે. જે પોતાના શરીરની જ જુગુપ્સા રાખે છે તે બીજાના અશુચિ શરીરની સાથે સંપર્ક કઈ રીતે કરે ? અર્થાદ્ ન જ કરે-એ સમજી શકાય છે. આ રીતે સાધક એકાંતવાસને સેવવા પ્રયત્નશીલ બની જાય છે, જે શૌચભાવનાનું ફળ છે. ''શૌચથી પોતાના શરીરમાં જુગુપ્સા અને બીજાઓની સાથેના સઙ્ગનો અભાવ પ્રાપ્ત થાય છે.''-આ પ્રમાણે યોગસૂત્ર(૨-૪૦)માં જણાવ્યું છે.

બાહ્ય શૌચભાવનાનું ફળ વર્ણવીને હવે શ્લોકના

ઉત્તરાર્દ્ધથી આભ્યંતર શૌચભાવનાનું ફળ વર્ણવાય છે. મૈત્રી, પ્રમોદાદિ ભાવનાથી ચિત્ત નિર્મળ બને છે. ક્લેશથી રહિત એ ચિત્ત સાત્ત્વિકભાવાન્વિત પ્રકાશમય અને સુખાત્મક હોય છે. રજોગુણ અને તમોગુણથી તેનો અભિભવ થતો ન હોવાથી સત્ત્વશુદ્ધિ થાય છે. ખેદનો અનુભવ થતો ન હોવાથી માનસિક પ્રીતિ સ્વરૂપ સૌમનસ્ય પ્રાપ્ત થાય છે. નિયત(વિચારણીય) વિષયમાં ચિત્તની સ્થિરતા સ્વરૂપ મનની એકાગ્રતા(ઐકાગ્ર્ય) પ્રાપ્ત થાય છે. ઈન્દ્રિયોના વિષયોથી પરાઙ્મુખ થવાના કારણે આત્મા સ્વસ્વરૂપમાં જે સ્થિરતા પ્રાપ્ત કરે છે, તે સ્વરૂપ ઈન્દ્રિયજય પ્રાપ્ત થાય છે. સ્વસ્વરૂપમાં રમણતા કરવા સ્વરૂપ જ ઈન્દ્રિયજય છે. આ રીતે આંતર્મુખ અવસ્થા પ્રાપ્ત થવાથી વિવેકખ્યાતિ સ્વરૂપ આત્મદર્શનમાં આત્માને સામર્થ્ય પ્રાપ્ત થાય છે. પ્રકૃતિથી સર્વથા ભિન્ન સ્વરૂપે જ્યારે પુરુષનું જ્ઞાન થાય છે; ત્યારે વિવેકખ્યાતિસ્વરૂપ આત્મદર્શન(આત્મ-સાક્ષાત્કાર) થાય છે. આ બધાં આભ્યંતર શૌચભાવનાનાં ફળો છે. 'સુસત્ત્વશુદ્ધિ, સૌમનસ્ય, એકાગ્રતા, ઈન્દ્રિયજય અને આત્મદર્શનની યોગ્યતા શૌચભાવનાથી પ્રાપ્ત થાય છે'-આ પ્રમાણે યોગસૂત્રમાં (૨-૪૧માં) જણાવ્યું છે, જેનો આશય ઉપર જણાવ્યો છે. ॥૨૨-૩॥

❀❀❀

સંતોષાદિ નિયમનું, તેના ફળને આશ્રયીને નિરૂપણ કરાય છે-

**संतोषादुत्तमं सौख्यं, स्वाध्यायादिष्टदर्शनम् ।**
**तपसोऽङ्गाक्षयोः सिद्धिः, समाधिः प्रणिधानतः ॥२२-४॥**

"સંતોષથી ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય છે, સ્વાધ્યાયથી ઈષ્ટનું દર્શન થાય છે, તપથી શરીર અને ઈન્દ્રિયોની સિદ્ધિ થાય છે અને ઈશ્વરપ્રણિધાનથી સમાધિ પ્રાપ્ત થાય છે."-આ પ્રમાણે ચોથા શ્લોકનો અક્ષરાર્થ છે. એનું તાત્પર્ય એ છે કે સામાન્ય રીતે પુણ્યયોગે જે સુખની સામગ્રી પ્રાપ્ત થઈ છે તેનાથી અધિકની ઈચ્છાના અભાવને સંતોષ કહેવાય છે. તેના વારંવાર અભ્યાસથી ઉત્તમ એવું આત્મિક સુખ પ્રાપ્ત થાય છે. 'સંતોષથી ઉત્તમ સુખલાભ થાય છે.'-આ પ્રમાણે યોગસૂત્રમાં જણાવ્યું છે. (જુઓ સૂ.નં. ૨-૪૨)

પૂર્વે જણાવ્યા મુજબ મંત્રજાપસ્વરૂપ સ્વાધ્યાય છે. તેના પ્રકૃષ્ટ અભ્યાસથી જાપના વિષયભૂત અભીષ્ટ દેવતાનું દર્શન(સાક્ષાત્કાર) થાય છે. જે દેવતાને અનુલક્ષીને મંત્રજાપ કરાય છે, તે દેવતાનું પુણ્યદર્શન તાદશ સ્વાધ્યાયથી પ્રાપ્ત થાય છે. 'સ્વાધ્યાયથી ઈષ્ટદેવતાનો સમ્પ્રયોગ થાય છે'-એમ યોગસૂત્ર(૨-૪૪)માં જણાવ્યું છે.

સારી રીતે અભ્યસ્ત કરેલા તપથી રાગાદિ ક્લેશ વગેરે અશુચિનો ક્ષય થાય છે અને તેનાથી શરીર અને ઈન્દ્રિયની સિદ્ધિ થાય છે. અર્થાત્ પોતાની ઈચ્છા મુજબ શરીરને નાનું મોટું વગેરે બનાવવાની શક્તિ પ્રાપ્ત થાય છે અને ઈન્દ્રિયના વિષયમાં સૂક્ષ્મ, વ્યવધાનસહિત અને દૂર રહેલા એવા પણ વિષયોને ગ્રહણ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. 'તપથી ક્લેશાદિ અશુચિનો ક્ષય થવાથી કાયા અને ઈન્દ્રિયોની સિદ્ધિ થાય છે.'-એ પ્રમાણે યોગસૂત્ર-(૨-૪૩)થી જણાવ્યું છે. આવા પ્રકારના શરીર અને ઈન્દ્રિયોના સામર્થ્યવિશેષસ્વરૂપ જે કાયાદિનો ઉત્કર્ષ છે;

તે સ્વરૂપ જ કાયા અને ઈન્દ્રિયોની અહીં સિદ્ધિ છે, જે તપવિશેષથી પ્રાપ્ત થાય છે.

ઈશ્વરપ્રણિધાનથી સમાધિ પ્રાપ્ત થાય છે. યોગસૂત્રમાં જણાવ્યા મુજબ ઈશ્વરભક્તિથી પ્રસન્ન થયેલા ઈશ્વર; સમાધિમાં અંતરાય સ્વરૂપ-અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશઃ આ પાંચ કલેશોને દૂર કરી સમાધિને પ્રગટ કરે છે. 'ઈશ્વરના પ્રણિધાનથી સમાધિની સિદ્ધિ થાય છે.'... એ પ્રમાણે યોગસૂત્ર(૨-૪૫)માં જણાવ્યું છે. તપ, સ્વાધ્યાય અને ઈશ્વરનું પ્રણિધાન : આ ત્રણ શુભ અધ્યવસાય સ્વરૂપ હોવાથી અવિદ્યાદિ કલેશસ્વરૂપ કાર્યનો પ્રતિબંધ કરવા દ્વારા તે સમાધિને અનુકૂળ છે. આ વસ્તુને જણાવતાં યોગસૂત્રમાં (૨-૧ અને ૨-૨માં) જણાવ્યું છે કે 'તપ, સ્વાધ્યાય અને ઈશ્વરનું પ્રણિધાન : એ ક્રિયાયોગ છે. સમાધિની ભાવના(સિદ્ધિ) માટે અને અવિદ્યાદિ કલેશોને સૂક્ષ્મ-પતલા કરવા માટે એ ક્રિયાયોગ છે.

અહીં યાદ રાખવું જોઈએ કે હિત મિત અને પથ્ય એવા આહારને ગ્રહણ કરી શીત-ઉષ્ણ; સુખ-દુઃખ... વગેરે દ્વન્દ્વોની સહનશીલતા સાથે ઈન્દ્રિયોનો નિરોધ કરવા સ્વરૂપ તપ જ અહીં મુખ્યત્વે વિવક્ષિત છે. શરીરને પીડા પહોંચાડનારા તે તે (કૃચ્છ્ર કે ચાંદ્રાયણાદિ) તપની વિવક્ષા અહીં મુખ્યપણે કરી નથી. સ્વાધ્યાય પણ ઓંકારપૂર્વકના મંત્રજાપ સ્વરૂપ વિવક્ષિત છે અને ઈશ્વરપ્રણિધાન, નિષ્કામ-ભાવે કરાતા કર્મનું ઈશ્વરને સમર્પણ કરવા સ્વરૂપ જ વિવક્ષિત છે. અનાદિકાળના કલેશોની મંદતા વિના સમાધિની સિદ્ધિ થતી નથી. તેથી કલેશોની અલ્પતા કરવાનું આવશ્યક છે, જે તપ સ્વાધ્યાય અને ઈશ્વરના પ્રણિધાનથી જ શક્ય

છે... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. ॥૨૨-૪॥

❀❀❀

ઉપર જણાવ્યા મુજબ નિયમનું સ્વરૂપ સમજીને તારાદષ્ટિમાં રહેલા જીવો તે નિયમને જે રીતે પ્રાપ્ત કરે છે, તે હવે જણાવાય છે-

**विज्ञाय नियमानेतानेवं योगोपकारिणः ।**
**अत्रैतेषु रतो दृष्टौ, भवेदिच्छादिकेषु हि ॥२२-५॥**

"શૌચ, સંતોષ વગેરે યોગમાં ઉપકારી છે-એમ જાણીને આ તારાદષ્ટિમાં ઈચ્છા પ્રવૃત્તિ વગેરે નિયમને વિશે જીવ તત્પર બને"...આ પ્રમાણે પાંચમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે આ તારાદષ્ટિમાં રહેલા જીવને શૌચ વગેરે નિયમ સ્વાઙ્ગજુગુપ્સાદિના સાધક હોવાથી યોગમાં ઉપકારી અર્થાત્ સમાધિના સાધક છે-એવું જ્ઞાન હોય છે. તેથી તે; ઈચ્છા પ્રવૃત્તિ સ્થિરતા અને સિદ્ધિ સ્વરૂપ નિયમમાં રત(તત્પર) બને છે. કારણ કે તેવા પ્રકારનું (યોગોપકારિત્વનું) જ્ઞાન તેવા પ્રકારની રુચિનું (યોગોપકારીની રુચિનું) કારણ છે.

તેથી આ રીતે તારાદષ્ટિમાં થોડાઘણા અંશે નિયમોનો સ્વીકાર થયેલો જણાવાય છે. આશય એ છે કે શૌચ સંતોષ તપ સ્વાધ્યાય અને ઈશ્વરનું પ્રણિધાન : આ પાંચ નિયમોનો સ્વીકાર સર્વાંશે તો અહીં શકય નથી. પરંતુ અવિદ્યાદિ કલેશોને દૂર કરવા દ્વારા એ નિયમો સમાધિના સાધક છે : એનો ખ્યાલ આવવાથી આ દષ્ટિમાં ઈચ્છાદિ રૂપે એ નિયમોનો સ્વીકાર થાય છે. વસ્તુની ઉપયોગિતાનું જ્ઞાન થવાથી વસ્તુની રુચિ થાય જ અને રુચિ થયા પછી

એની અંશતઃ પણ પ્રાપ્તિ માટે પૂરતો પ્રયત્ન થાય : એની પ્રતીતિ આ દૃષ્ટિમાં રહેલા આત્માઓને જોવાથી થાય છે. અપ્રશસ્ત યોગોમાં એવો અનુભવ કંઈકેટલીય વાર આપણે કર્યો છે. પણ પ્રશસ્તયોગમાં એવો અનુભવ સૌથી પ્રથમ આ દૃષ્ટિની પ્રાપ્તિથી શક્ય બને છે... ઈત્યાદિ સમજી લેવું. ||૨૨-૫||

✿✿✿

આ દૃષ્ટિમાં બીજા જે ગુણો પ્રાપ્ત થાય છે-તે જણાવાય છે-

**भवत्यस्यामविच्छिन्ना, प्रीतिर्योगकथासु च ।**
**यथाशक्त्युपचारश्च, बहुमानश्च योगिषु ।।२२-६।।**

"આ દૃષ્ટિમાં રહેલા આત્માને યોગની કથામાં અખંડ પ્રીતિ થાય છે અને યોગીઓને વિશે પોતાની શક્તિને અનુસાર ઉપચાર અને બહુમાન હોય છે."... આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનો આશય એ છે કે તારાદૃષ્ટિમાં રહેલા આત્માને યોગની કથામાં વિચ્છેદથી રહિત એવી અખંડ પ્રીતિ થાય છે. કોઈ વાર સંયોગવિશેષના અભાવે યોગની કથાનો યોગ ન મળે તોય ભાવ તો તેનામાં જ હોય છે. તેથી અહીં યોગની કથાની પ્રીતિ ભાવપ્રતિબંધસારવાળી હોય છે, જેથી તે પ્રીતિ વિચ્છેદથી રહિતપણે નિરંતર બને છે. સદાને માટે યોગની કથામાં પ્રીતિ ટકી રહે છે. પ્રવૃત્તિના વિરહમાં પણ મન તો યોગની કથામાં જ હોય છે.

તેથી જ ભાવયોગીઓને(પરમાર્થથી યોગીઓને) વિશે પોતાની શક્તિને ઉચિત ઉપચારને તેઓ કરનારા બને છે.

આહાર, વસ્ત્ર વગેરે આપીને સેવા કરવા સ્વરૂપ ઉપચાર છે. ભાવયોગીઓને વિશે ઉપચાર કરવા પૂર્વક તેઓ બહુમાન કરે છે. ભાવયોગીઓને જોતાંની સાથે ઊભા થવું, તેમના ગુણ ગાવા... વગેરે સ્વરૂપ બહુમાન છે. આ ઉપચાર અને બહુમાનનું ફળ શુદ્ધનો પક્ષપાત; પુણ્યના વિપાકના કારણે યોગવૃદ્ધિ અને લાભાંતર(લબ્ધની અપેક્ષાએ વિશેષનો લાભ), શિષ્ટસમ્મતપણું અને ક્ષુદ્રઉપદ્રવ-રોગની હાનિ વગેરે છે.

ભાવયોગીઓનો ઉપચાર કરવાથી અને તેમની પ્રત્યે બહુમાન રાખવાથી શુદ્ધયોગ અને યોગીઓનો પક્ષપાત કર્યો છે-એ સમજી શકાય છે. ઉપચારાદિથી પુણ્યના વિપાક દ્વારા ઉત્તરોત્તર યોગની વૃદ્ધિ અને અન્ય અન્યનો લાભ થાય : એ બનવાજોગ છે. ઉપચારાદિને કરનારાને શિષ્ટપુરુષો માન આપે છે તેથી શિષ્ટસમ્મતત્વ પ્રાપ્ત થાય છે અને સામાન્ય રોગાદિ સ્વરૂપ ક્ષુદ્રઉપદ્રવની હાનિ તેમ જ શ્રદ્ધાન્વિત ઉપચાર વગેરેની પ્રાપ્તિ થાય છે. આથી સ્પષ્ટ છે કે ભાવયોગીઓને વિશે કરેલા ઉપચારાદિ શુદ્ધપક્ષપાતાદિ ફળવાળા છે, જે આ તારાદષ્ટિની સિદ્ધિ છે. ॥૨૨-૬॥

❁❁❁

આ દષ્ટિમાં પ્રાપ્ત થનારા ગુણાદિનું જ નિરૂપણ કરાય છે-

**भयं न भवजं तीव्रं, हीयते नोचितक्रिया ।**
**न चानाभोगतोऽपि स्यादत्यन्तानुचितक्रिया ॥२२-७॥**

"આ દષ્ટિમાં ભવનો તીવ્ર ભય રહેતો નથી. ઉચિત ક્રિયા સિદાતી નથી. અજાણતા પણ અત્યંત અનુચિતક્રિયા

થતી નથી.''... આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે આ તારાદષ્ટિને પામ્યા પછી આ સંસારનો ભય રહેતો નથી. અત્યાર સુધી આ સંસારનો ભય હતો. સંસારની ભયંકરતા સમજ્યા પછી તેનો ભય પેદા થાય જ. પરંતુ હવે એનો તીવ્ર ભય રહેતો નથી. કારણ કે આ દષ્ટિમાં એના કારણભૂત અશુભ પ્રવૃત્તિનો અભાવ હોય છે. અશુભ પ્રવૃત્તિને કારણે આ ભયંકર સંસારમાં પરિભ્રમણ કરવું પડેલું. અશુભ પ્રવૃત્તિનો અભાવ થવાથી આ સંસારમાં પરિભ્રમણ કરવાનો હવે એવો તીવ્ર ભય રહેતો નથી. પૂર્વે ઉપાર્જેલાં અશુભ કર્મોના યોગે સંસારમાં રહેવાનું તો બનવાનું જ છે. પરંતુ અશુભ પ્રવૃત્તિનો અભાવ થવાથી હવે લાંબો કાળ સંસારમાં રહેવું નહીં પડે, તેથી સંસારનો એવો તીવ્ર ભય રહેતો નથી.

બધે જ, ધર્મ પ્રત્યે આદર હોવાથી કોઈ પણ કાર્ય-પ્રસઙ્ગે ઉચિત ક્રિયા રહી જતી નથી. સર્વત્ર ઔચિત્યનું આસેવન થતું હોવાથી ઉચિત ક્રિયાની હાનિ ન થાય એ સમજી શકાય છે. ધર્મ પ્રત્યે અનાદરભાવ હોય તો એ રીતે ઉચિત પ્રવૃત્તિ રહ્યા વિના નહીં રહે. શક્તિના અભાવ કરતાં પણ આદરના અભાવના કારણે જ વધારે તો ઉચિત પ્રવૃત્તિ રહી જતી હોય છે. તારાદષ્ટિ પ્રાપ્ત થયે છતે એવું બનતું નથી. આનો વિચાર કરીએ તો સમજાશે કે આપણે હજી ઘણું વિચારવાનું છે. વર્ત્તમાનની આપણી ધર્મક્રિયાઓમાં પણ જ્યાં ઉચિત ક્રિયા દેખાતી ન હોય તો સર્વત્ર કાર્યમાં ઉચિત ક્રિયાનો અવકાશ ક્યાંથી હોઈ શકે ?

આવી જ રીતે અજ્ઞાનથી પણ અત્યંત અનુચિત એવી સાધુજનની નિંદાદિ સ્વરૂપ અનુચિત ક્રિયાઓ આ

દૃષ્ટિમાં થતી નથી. જાણી-જોઈને તો આ દૃષ્ટિમાં રહેલા આત્માઓ અત્યંત અનુચિત ક્રિયા ન જ કરે; પરંતુ અનુપયોગાદિથી પણ એ આત્માઓ સાધુજનોની નિંદાદિ સ્વરૂપ અનુચિત ક્રિયાઓ કરતા નથી. બીજી દૃષ્ટિમાં પ્રાપ્ત થયેલી આ સિદ્ધિ એક અદ્ભુત યોગ્યતા છે. ધર્મ પામવા માટેની યોગ્યતાને પ્રાપ્ત કરવાનું પણ સરળ નથી.

॥૨૨-૭॥

❀❀❀

આઠમા શ્લોકથી પણ તારાદૃષ્ટિમાં પ્રાપ્ત થનારા ગુણાદિનું નિરૂપણ કરાય છે-

**स्वकृत्ये विकले त्रासो, जिज्ञासा सस्पृहाधिके ।**
**दुःखोच्छेदार्थिनां चित्रे, कथन्ताधीः परिश्रमे ॥२२-८॥**

"આ દૃષ્ટિમાં વિકલ એવા પોતાના આચારને વિશે ત્રાસ થાય છે; પોતાની ભૂમિકાની અપેક્ષાએ અધિક એવા ગુરુભગવંતોના આચારને વિશે તેને પામવાની સ્પૃહા પૂર્વક જિજ્ઞાસા જાગે છે અને પારમાર્થિક દુઃખનો(સંસારનો) ઉચ્છેદ કરવાની ઈચ્છાવાળા યોગીઓના જુદા જુદા પ્રયત્નો વિશે 'એ સમગ્ર રીતે કઈ રીતે જાણી શકાય :' એવી બુદ્ધિ થાય છે..."-આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે આ દૃષ્ટિને પામેલા આત્માઓ જ્યારે પણ કાઉસ્સગ્ગ(કાયોત્સર્ગ) વગેરે ક્રિયા કરે ત્યારે જો કોઈ વિધિથી એ રહિત થઈ હોય તો તેમને ત્રાસ થાય છે; અર્થાદ્ 'હા ! હું વિરાધક બન્યો'... ઈત્યાદિ પ્રકારનો આશય ઉત્પન્ન થાય છે. જાણીજોઈને તો તેઓ તે તે ક્રિયાઓ વિધિથી રહિત બનીને કરતા નથી. પરંતુ કોઈ

વાર અનુપયોગાદિના કારણે પણ વિધિથી રહિત થાય ત્યારે એવા પ્રકારનો ત્રાસ થાય છે.

પોતાની ભૂમિકા કરતાં ઉત્કૃષ્ટ એવી પૂ. આચાર્ય ભગવંતાદિની પરિશુદ્ધ ક્રિયાને જોઈને એવી ક્રિયાની ઉત્કટ ઈચ્છા સાથે તે તે ક્રિયા કઈ રીતે કરી શકાય એવી જિજ્ઞાસા આ દષ્ટિમાં ઉત્પન્ન થાય છે. મારાથી આવી ક્રિયા થતી નથી અને આ પૂ.આ.ભ. આદિ મહાત્માઓ આવી ક્રિયાઓ કેવી રીતે કરી શકે છે.. ઈત્યાદિ જિજ્ઞાસા અહીં ઉત્પન્ન થાય છે. તેમ જ દુ:ખોના ઉચ્છેદના અર્થીજનો અર્થાદ્ આ સંસારના ક્લેશોનો ત્યાગ(દૂર) કરવાની ઈચ્છાવાળા જનોનો તેના ઉપાય તરીકે જુદા જુદા પ્રયત્નોને જોઈને આ દષ્ટિમાં રહેલા આત્માઓને એમ થાય છે કે 'આ કઈ રીતે થાય અર્થાદ્ બધા જ મુમુક્ષુઓની ક્લેશસ્વરૂપ સંસારના ઉચ્છેદ માટેની સઘળીય પ્રવૃત્તિ કઈ રીતે જાણી શકાય'... ઈત્યાદિ પ્રકારની બુદ્ધિ થાય છે. આ વાતને જણાવતાં 'યોગદષ્ટિ સમુચ્ચય'માં (શ્લો.નં. ૪૭) ફરમાવ્યું છે કે "જન્મ જરા અને મરણાદિ સ્વરૂપ આ સમગ્ર સંસાર દુ:ખસ્વરૂપ છે; એનો ઉચ્છેદ ક્ષમા વગેરે હેતુથી (કયા હેતુથી) કઈ રીતે થાય ? દુ:ખસ્વરૂપ ભવનો ઉચ્છેદ કરવાની ઈચ્છાવાળા મહાત્માઓની તેને લગતી પ્રવૃત્તિ જુદા જુદા પ્રકારની છે. એ બધી કઈ રીતે જાણી શકાય"...આ પ્રમાણે બીજી દષ્ટિમાં રહેલા આત્માઓ વિચારતા હોય છે. આ દષ્ટિની મહત્ત્વની સિદ્ધિ જિજ્ઞાસા છે. અર્થકામને આશ્રયીને આવા પ્રકારની જિજ્ઞાસા આપણે અનુભવીએ છીએ. પરંતુ ભવના ઉચ્છેદના વિષયમાં આવી જિજ્ઞાસા લગભગ અનુભવાતી નથી. એટલું જ નહીં, એ

અંગે જે દુઃખનો અનુભવ થવો જોઈએ એ પણ ક્યાં અનુભવાય છે ? બીજી તારાદષ્ટિની જિજ્ઞાસાને આત્મસાત્ કરવા પ્રયત્ન કર્યા વિના ચાલે એવું નથી. ॥૨૨-૮॥

❀❀❀

દુઃખોચ્છેદના અર્થી જનોની જુદી જુદી પ્રવૃત્તિને જોવાથી બીજી દષ્ટિમાં રહેલા આત્માને 'એ બધી પ્રવૃત્તિઓ કઈ રીતે જાણી શકાય ?' આવી શઙ્કા થવાનું કારણ જણાવાય છે-

**नास्माकं महती प्रज्ञा, सुमहान् शास्त्रविस्तरः ।**
**शिष्टाः प्रमाणमिह तदित्यस्यां मन्यते सदा ॥२२-९॥**

"અમારી પ્રજ્ઞા મોટી નથી અને શાસ્ત્રનો વિસ્તાર મોટો છે. તેથી શિષ્ટ પુરુષો અહીં પ્રમાણ છે - આ પ્રમાણે આ દષ્ટિમાં રહેલા આત્માઓ માને છે."-આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે-આ દષ્ટિને પ્રાપ્ત કરી લીધેલા આત્માઓ વાસ્તવિક રીતે એમ માને છે કે આપણી બુદ્ધિ મોટી નથી અર્થાદ્ અવિસંવાદિની બુદ્ધિ નથી. કારણ કે પોતાની પ્રજ્ઞાથી કલ્પેલા અર્થમાં વિસંવાદ જણાય છે. તેથી આપણી બુદ્ધિ મોટી નથી. તેની સામે શાસ્ત્રનો વિસ્તાર ઘણો જ મોટો-અપાર છે, જેનો પોતાની બુદ્ધિથી પાર પામી શકાય એવો નથી.

તેથી દુઃખના ઉચ્છેદના અર્થી જનોની સકલ પ્રવૃત્તિને જાણવાદિના વિષયમાં સાધુજનોને સંમત એવા શિષ્ટપુરુષો જ પ્રમાણભૂત છે. અર્થાદ્ એ શિષ્ટ પુરુષોનું જે આચરણ છે એવું જ આચરણ સામાન્યથી કરવાનું યોગ્ય છે : આ પ્રમાણે આ દષ્ટિમાં રહેલા આત્માઓ નિરંતર માને છે.

પોતાની બુદ્ધિનો જેને ખ્યાલ છે અને શાસ્ત્રની અપારતાનો પણ જેને પરિચય છે, એ બધાને શિષ્ટપુરુષોનું પ્રામાણ્ય સમજાવવાની આવશ્યકતા નથી. આપણી બુદ્ધિ અલ્પ છે અને શાસ્ત્ર અપાર છે-એમાં કોઈ સંદેહ નથી. જે કોઈ પણ સવાલ છે તે શિષ્ટને પ્રમાણ માનવાનો છે. આ દષ્ટિમાં એ સવાલ પણ હોતો નથી. ઉત્કટ જિજ્ઞાસા; શિષ્ટ પ્રત્યેની અગાધ શ્રદ્ધા અને પોતાની બુદ્ધિની અલ્પતાનો ખ્યાલ આવવો...ઈત્યાદિ આ દષ્ટિની વિશેષતા છે, જેના યોગે ત્રીજી દષ્ટિની પ્રાપ્તિ સરળ બને છે. ॥૨૨-૯॥

❁❁❁

ત્રીજી બલાદષ્ટિનું નિરૂપણ કરાય છે-

**सुखस्थिरासनोपेतं, बलायां दर्शनं दृढम् ।**
**परा च तत्त्वशुश्रूषा, न क्षेपो योगगोचरः ॥२२-१०॥**

"સુખકારક અને સ્થિર એવા આસનથી યુક્ત દઢ દર્શન(બોધ) બલાદષ્ટિમાં હોય છે. તેમ જ આ દષ્ટિમાં શ્રેષ્ઠ એવી તત્ત્વવિષયિણી શુશ્રૂષા અને યોગના વિષયમાં ક્ષેપનો અભાવ હોય છે..."-આ પ્રમાણે દશમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે આ બલા નામની ત્રીજી દષ્ટિમાં યમ અને નિયમ વગેરે આઠ યોગનાં અઙ્ગોમાંથી 'આસન' સ્વરૂપ ત્રીજા અઙ્ગની પ્રાપ્તિ થાય છે. આસનસ્વરૂપ એ યોગનું અઙ્ગ સુખકારક અર્થાત્ તેનાથી ઉદ્વેગ ન થાય એવું હોવું જોઈએ; તેમ જ સ્થિર-નિષ્કમ્પ હોવું જોઈએ. સુખ-સ્થિર જ આસન યોગના અઙ્ગ તરીકે વર્ણવાય છે. યોગસૂત્રમાં સૂત્રકાર પતઞ્જલિએ જણાવ્યું છે કે; જેનાથી સુખનો લાભ થાય છે તે સ્થિર એવા આસનને

આસન કહેવાય છે. (જુઓ સૂ.નં. ૨-૪૬) પદ્માસન, વીરાસન અને ભદ્રાસન વગેરે આસન પ્રસિદ્ધ છે. યોગમાર્ગમાં મનવચનકાયાની સ્થિરતા જેથી પ્રાપ્ત થાય છે, તેને સામાન્યથી આસન કહેવાય છે. આસન એવું તો ન જ હોવું જોઈએ કે જેથી આપણે યોગમાર્ગમાંથી ખસી જઈએ. આસનનો ઉપયોગ સ્થિરતા માટે છે.

આ ત્રીજી બલાદૃષ્ટિમાં; મિત્રા અને તારા દૃષ્ટિમાંના દર્શન કરતાં દૃઢ દર્શન હોય છે. કારણ કે અહીં કાષ્ઠના અગ્નિના કણ જેવો બોધ હોય છે, જે તૃણ અને છાણાના અગ્નિના કણ જેવા બોધ કરતાં વિશિષ્ટ છે-એ સમજી શકાય છે. જિજ્ઞાસાના કારણે થયેલી હોવાથી તત્ત્વશ્રવણની ઈચ્છા; અહીં ઉત્કટ હોય છે. તેમ જ યોગના વિષયમાં ઉદ્વેગ ન હોવાથી અહીં યોગના વિષયમાં; ઉદ્વેગથી ઉત્પન્ન થનારો ક્ષેપ નામનો દોષ હોતો નથી. જે ક્રિયા કરવાનું નિશ્ચિત કર્યું હોય તે ક્રિયા કરતી વખતે વચ્ચે વચ્ચે તેનાથી બીજી ક્રિયામાં ચિત્ત જાય ત્યારે ક્ષેપદોષ ઉત્પન્ન થાય છે, જેનું કારણ ઉદ્વેગ છે. આ ક્ષેપદોષના કારણે ક્રિયામાં સાતત્ય રહેતું નથી. ફળની સિદ્ધિમાં ક્રિયાનું સાતત્ય આવશ્યક છે. આ દૃષ્ટિમાં યોગના વિષયમાં ક્ષેપ નામનો દોષ ન હોવાથી ક્રિયાનું સાતત્ય જળવાય છે. યોગના પ્રતિબંધક આઠ દોષોનું વર્ણન ષોડશકપ્રકરણમાં વિસ્તારથી છે. ॥૨૨-૧૦॥

❀❀❀

*આ દૃષ્ટિમાં યોગનાં અઙ્ગોમાંથી ત્રીજા અઙ્ગ આસનની સિદ્ધિ થાય છે. તેના ઉપાયને હવે જણાવાય છે-*

**असत्तृष्णात्वराभावात्, स्थिरं च सुखमासनम् ।**
**प्रयत्नश्लथतानन्त्यसमापत्तिबलादिह ॥२२-११॥**

"અસત્ તૃષ્ણા અને ત્વરાનો અભાવ હોવાથી પ્રયત્નની શિથિલતા અને આનંત્યની સમાપત્તિના સામર્થ્યથી સ્થિર અને સુખકર આસન બલાદૃષ્ટિમાં થાય છે."-આ પ્રમાણે અગિયારમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આ બલાદૃષ્ટિમાં અસુંદર(અસદ્) એવી લાલસાનો અભાવ હોવાથી તેમ જ ઉત્તરોત્તર બીજા બીજા ફળની ઉત્સુકતા સ્વરૂપ ત્વરાનો અભાવ હોવાથી સ્થિર અને સુખકર આસન સિદ્ધ થાય છે.

'કોઈ પણ ક્લેશ વિના જ આસન કરું' આવી ઈચ્છા હોવાથી અહીં શરીરની લઘુતાથી આસન થાય છે. તેથી પ્રયત્ન(શરીરની ચેષ્ટાવિશેષ)ની શિથિલતા હોય છે. અર્થાદ્ ખૂબ જ સરળતાથી આસન થતું હોવાથી તે સુખકર બને છે. તેમ જ આકાશાદિના આનંત્યમાં મન એકાકાર બને છે તેથી તે સ્વરૂપ આનંત્યની સમાપત્તિ અહીં હોય છે. તેથી દુઃખના કારણભૂત અહઙ્કારનો અભાવ થાય છે. દુઃખનું કારણ, શરીરનો અહઙ્કારભાવ છે. મન આકાશાદિના આનંત્યમાં તદાકાર હોવાથી શરીરનો અધ્યાસ રહેતો નથી. તેથી યોગસૂત્ર(૨-૪૭)માં જણાવ્યા મુજબ 'પ્રયત્નની શિથિલતા અને આનંત્યની સમાપત્તિ' આ બંન્નેના કારણે આ ત્રીજી બલાદૃષ્ટિમાં સ્થિર સુખાસનની સિદ્ધિ થાય છે... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. ॥૨૨-૧૧॥

❀❀❀

સ્થિર સુખાસનની સિદ્ધિનું ફળ વર્ણવાય છે-

अतोऽन्तरायविजयो, द्वन्द्वानभिहतिः परा ।
दृष्टदोषपरित्यागः, प्रणिधानपुरःसरः ॥२२-१२॥

"ઉપર જણાવેલા સ્થિર-સુખાસનના કારણે; શરીરના કંપનાદિ સ્વરૂપ અંતરાયોનો વિજય, શીત-ઉષ્ણ... ઈત્યાદિ દ્વન્દ્વોથી દુઃખ ન પામવા સ્વરૂપ શ્રેષ્ઠ અનભિહતિ અને પ્રણિધાનપૂર્વક મનના સઙ્ક્લેશાદિનો પરિત્યાગ થાય છે."- આ પ્રમાણે બારમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે આ દૃષ્ટિમાં સ્થિર સુખાસનની સિદ્ધિ થવાથી શરીરમાં કંપ(ધ્રુજારી) નથી થતો. તાત્પર્ય એ છે કે યોગની સાધનામાં પ્રવૃત્તિ કરતી વખતે યોગાર્થીએ ધ્યાન રાખવું જોઈએ કે એ પ્રવૃત્તિમાં સ્થિરતા આવવી જોઈએ. એ પ્રવૃત્તિ વખતે, તેના આરંભ પૂર્વે જો લૌકિક પ્રવૃત્તિ વધારે કરી હોય તો શરીર થાકેલું હોવાથી શરીર કંપાયમાન થાય છે. તેથી જેમ બને તેમ લૌકિક પ્રવૃત્તિ ઓછી કરી આસનની સ્થિરતા પ્રાપ્ત કરી અઙ્ગમેજય(શરીરનું કંપન) ઉપર વિજય મેળવી શકાય છે, જે આ દૃષ્ટિમાં પ્રાપ્ત થનાર આસન-સિદ્ધિનું ફળ છે.

તેમ જ આ દૃષ્ટિમાં આસનની સિદ્ધિના કારણે શીત-ઉષ્ણ; માન-અપમાન અને હર્ષ-વિષાદ... ઈત્યાદિ દ્વન્દ્વોથી દુઃખની પ્રાપ્તિ થતી નથી. કારણ કે યોગાર્થીને આસનના કારણે પીડા નથી અને અસત્ તૃષ્ણા નથી. દુઃખની અ-પ્રાપ્તિ સ્વરૂપ અનભિહતિ શ્રેષ્ઠ છે, ચિરકાળસ્થાયિની છે. આવી જ રીતે મનના પ્રશસ્ત અવધાન(ઉપયોગ-વિચારણા)પૂર્વક દોષોનો પરિત્યાગ થાય છે. મનની સ્થિતિના કારણે જે ક્લેશ વગેરે દેખીતા દોષો ઉદ્‌ભવતા

હતા તેનો પરિત્યાગ; આસનની સ્થિરતા અને સુખરૂપતાના કારણે થાય છે. 'ततो द्वन्द्वानभिघातः २-४८'-આ યોગસૂત્રમાં ઉપર જણાવ્યા મુજબ જણાવ્યું છે. શરીરની સ્થિરતા, દ્વન્દ્વોની સહિષ્ણુતા અને મનની પ્રશસ્તભાવમાં એકાગ્રતા પૂર્વક ક્લેશાદિ દુષ્ટ દોષોનો પરિત્યાગ : એ આ દૃષ્ટિમાં થતી આસનસિદ્ધિનું ફળ છે. ॥૨૨-૧૨॥

❁❁❁

શુશ્રૂષાનું સ્વરૂપ વર્ણવાય છે-

**कान्ताजुषो विदग्धस्य, दिव्यगेयश्रुतौ यथा ।**
**यूनो भवति शुश્रूषा, तथाऽस्यां तत्त्वगोचरा ॥२२-१३॥**

"મનોહર એવી પત્નીથી સહિત અને વિચક્ષણ એવા યુવાનને દિવ્યગીત સાંભળવાની જેમ ઈચ્છા હોય છે તેમ આ બલાદૃષ્ટિમાં તત્ત્વ સાંભળવાની ઈચ્છા હોય છે."-આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે રમણીય સ્ત્રીનું સાન્નિધ્ય હોય, પોતે ગીત-ગાનનો નિપુણ હોય અને યુવાન હોય : એવા કામી(વિષય-રસિક)ને કિન્નરાદિ દેવોના દિવ્યગીતને સાંભળવાની જેવી ઈચ્છા હોય છે એવી તત્ત્વ સાંભળવાની ઈચ્છા(શુશ્રૂષા) આ ત્રીજી દૃષ્ટિને પામેલા આત્માને હોય છે.

અનાદિકાળથી આ સંસારમાં પરિભ્રમણ કરતાં જે સાંભળવા મળ્યું ન હતું એ તત્ત્વના શ્રવણમાં અત્યંત પ્રીતિ થાય : એ સમજી શકાય છે. ભવની દુ:ખગહનતાને જાણ્યા પછી એના ઉચ્છેદનાં સાધનોની પ્રાપ્તિ માટે તત્ત્વશ્રવણ સિવાય બીજો કોઈ ઉપાય નથી. ધનાદિની ઈચ્છાવાળાને જેમ ધંધાદિની વાતને સાંભળવાની ઈચ્છા હોય છે તેમ

અહીં તત્ત્વશ્રવણની ઈચ્છા હોય છે. ભવસ્વરૂપ ગહન દુ:ખના ઉચ્છેદનો ઉપાય અહીં તત્ત્વ છે. આ દૃષ્ટિમાં નિરંતર એને સાંભળવાની ઉત્કટ ઈચ્છા હોય છે. રોગીને ગમે તેવી પણ સુખની અનુકૂળતામાં જેમ રોગના ઉચ્છેદના ઉપાયની વાત સાંભળવાની ઈચ્છા હોય છે તેમ અહીં પણ ભવરોગીને તેના ઉચ્છેદના ઉપાયને સાંભળવાની તીવ્ર ઈચ્છા હોય છે. ભવરોગ રોગ લાગે તો આ દૃષ્ટિમાં ઉદ્ભવનારી શુશ્રૂષા પ્રાપ્ત કરવાનું ખૂબ જ સરળ બને. ॥૨૨-૧૩॥

❀❀❀

શુશ્રૂષાના અભાવમાં અને ભાવમાં(વિદ્યમાનત્વમાં) શું થાય છે, તે જણાવાય છે-

**अभावेऽस्याः श्रुतं व्यर्थं, बीजन्यास इवोषरे ।**
**श्रुताभावेऽपि भावेऽस्या, ध्रुवः कर्मक्षयः पुनः ॥२२-१४॥**

શ્લોકનો અર્થ સ્પષ્ટ છે કે 'સાંભળવાની ઈચ્છાનો અભાવ હોય તો; ઊખર ભૂમિમાં વાવેલા બીજની જેમ સાંભળવાની પ્રવૃત્તિનું ફળ શ્રમ સિવાય બીજું કોઈ નથી અને અર્થ સાંભળવાની પ્રવૃત્તિનો અભાવ હોય તોપણ સાંભળવાની ઈચ્છા હોય તો ચોક્કસ જ કર્મક્ષય થાય છે.'... કહેવાનો આશય એ છે કે આ શુશ્રૂષા બોધસ્વરૂપ પાણીની પ્રાપ્તિ માટે પાણીની સેર-સરવાણી જેવી છે. જ્યાં પણ ભૂમિમાં એવી સરવાણી હોય ત્યાં ખોદવાથી નિરંતર પાણીનો પ્રવાહ પ્રાપ્ત થયા જ કરે છે. પરંતુ જ્યાં એવી સરવાણી ન હોય ત્યાં ખોદવાથી જેમ પાણી મળતું નથી અને માત્ર શ્રમ જ પ્રાપ્ત થાય છે તેમ અહીં પણ શુશ્રૂષાના અભાવે શ્રવણ નિરર્થક બને છે. તેનું કોઈ જ ફળ

પ્રાપ્ત થતું નથી. કોઈ વાર શુશ્રૂષા હોવા છતાં સંયોગવશ શ્રવણની પ્રવૃત્તિના અભાવમાં પણ કર્મક્ષય સ્વરૂપ ફળ; નિશ્ચિત જ પ્રાપ્ત થાય છે.

આથી સમજી શકાશે કે શુશ્રૂષાના ભાવમાં ફળની પ્રાપ્તિ થાય છે અને તેના અભાવમાં ફળની પ્રાપ્તિ થતી નથી. અનુક્રમે આ અન્વય અને વ્યતિરેકથી બોધાદિ સ્વરૂપ ફળની પ્રાપ્તિમાં આ શુશ્રૂષા જ મુખ્ય કારણ છે. શ્રવણના અભાવમાં પણ એને ટકાવી રાખવી જોઈએ કે જેથી કર્મક્ષય તો થયા કરે ! આજે લગભગ તદ્દન વિપરીત દશા છે. શુશ્રૂષાના અભાવમાં પણ શ્રવણની પ્રવૃત્તિ ચિકાર છે. સાંભળવા ખાતર સાંભળવાથી કોઈ લાભ નથી. હજામની પાસે સૂતાં સૂતાં કથાનું શ્રવણ કરનાર રાજા-મહારાજાની જેમ સાંભળવાથી શુશ્રૂષાના અભાવે બોધની પ્રાપ્તિ શક્ય નહીં બને. બોધની કેટલી આવશ્યકતા છે : એ આ દૃષ્ટિને પામેલાને સમજાવવાની આવશ્યકતા નથી. તેઓ સારી રીતે એ સમજે છે. અજ્ઞાનજેવું કોઈ દુઃખ નથી, એની પીડાનો જેણે અનુભવ કર્યો હોય તે તેને દૂર કરવા પ્રયત્ન કર્યા વિના ન જ રહે-એ સમજવાનું અઘરું નથી. ॥૨૨-૧૪॥

❁❁❁

ક્ષેપના અભાવનું ફળ જણાવાય છે-

**योगारम्भ इहाक्षेपात्, स्यादुपायेषु कौशलम् ।**
**उप्यमाने तरौ दृष्टा, पयःसेकेन पीनता ॥२२-१५॥**

"આ બલાદૃષ્ટિમાં ક્ષેપનો અભાવ હોવાથી યોગના આરંભમાં તેનાં સાધનોના વિષયમાં કુશળતા પ્રાપ્ત થાય છે. વવાતાં વૃક્ષોમાં પાણીના સિંચનથી પુષ્ટતા દેખાય છે."-

આ પ્રમાણે પંદરમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે યોગની સાધનામાં અવરોધ કરનારા એવા આઠ દોષોમાં ત્રીજો ક્ષેપ નામનો દોષ છે, જેનો અભાવ આ ત્રીજી દૃષ્ટિમાં હોય છે.

આરંભેલી ક્રિયાને છોડીને બીજી બીજી ક્રિયામાં જે ચિત્ત જાય છે તેને ક્ષેપ નામનો દોષ કહેવાય છે. આ દોષને લઈને ક્રિયામાં સાતત્ય રહેતું નથી; અને તેથી આરંભેલી ક્રિયા ઈષ્ટની સિદ્ધિનું કારણ બનતી નથી. આ દૃષ્ટિમાં એ દોષનો અભાવ હોવાથી ચિત્તનો ન્યાસ આરંભેલી ક્રિયામાં જ હોય છે. અન્યક્રિયાઓમાં ચિત્તનો ન્યાસ ન હોવાથી યોગના આરંભમાં સાતત્ય જળવાય છે, જેથી યોગસાધક ઉપાયોમાં કૌશલ્ય પ્રાપ્ત થાય છે. એ કુશળતાના કારણે યોગની સાધનામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે.

શ્લોકના ઉત્તરાર્દ્ધથી દૃષ્ટાંત દ્વારા ઉક્ત વાતનું જ સમર્થન કર્યું છે. વવાતાં વૃક્ષોને પાણી સિંચાય તો તે વૃક્ષો પુષ્ટ(મોટાં) થાય છે. તેની જેમ જ યોગની સાધના ક્ષેપના અભાવના કારણે જ અત્યંત પુષ્ટ બને છે. તે સ્વરૂપ અહીં ઉપાયની કુશળતા છે. અન્યથા પાણીના સિંચન વિના જેમ વૃક્ષો કૃશ બને છે અર્થાત્ સુકાય છે; તેમ આરંભેલ યોગનું અનુષ્ઠાન અકુશળતા સ્વરૂપ કૃશતાને પામે છે. આથી સમજી શકાશે કે ક્ષેપ નામનો દોષ આરંભેલા અનુષ્ઠાનને કૃશ બનાવનારો છે. એ દોષના અભાવે આ બલાદૃષ્ટિમાં અનુષ્ઠાન પુષ્ટ બને છે. પાણીના સિંચન વિના થનારી વવાતા વૃક્ષની સ્થિતિનો જેને ખ્યાલ છે; તે ક્ષેપદોષની ભયંકરતાને સમજી શકે છે. આપણે જ આરંભેલા કાર્યના ફળથી આપણને દૂર રાખવાનું કાર્ય ક્ષેપદોષ કરે છે, જેનો

અભાવ આ બલાદૃષ્ટિમાં છે. આ રીતે બલાદૃષ્ટિનું વર્ણન અહીં પૂર્ણ થાય છે. ॥૨૨-૧૫॥

❁❁❁

ચોથી દીપ્રાદૃષ્ટિનું વર્ણન કરાય છે-

**प्राणायामवती दीप्रा, योगोत्थानविवर्जिता ।**
**तत्त्वश्रवणसंयुक्ताः, सूक्ष्मबोधमनाश्रिता ॥२२-१६॥**

"પ્રાણાયામવાળી યોગના ઉત્થાનથી વર્જિત તત્ત્વ-શ્રવણથી સંયુક્ત અને સૂક્ષ્મબોધથી રહિત એવી ચોથી દીપ્રાદૃષ્ટિ છે."-આ પ્રમાણે સોળમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનો આશય એ છે કે યોગનાં યમ નિયમ આસન અને પ્રાણાયામ... વગેરે આઠ અઙ્ગોમાંથી ચોથા પ્રાણાયામ સ્વરૂપ યોગાઙ્ગથી સહિત આ દીપ્રાદૃષ્ટિ છે. તેમ જ ખેદ ઉદ્વેગ ક્ષેપ અને ઉત્થાન વગેરે, યોગાવરોધક આઠ દોષોમાંથી ચોથા ઉત્થાનદોષથી રહિત આ દૃષ્ટિ હોય છે. કારણ કે પ્રશાન્તવાહિતાની અહીં પ્રાપ્તિ થયેલી હોય છે.

અદ્વેષ, જિજ્ઞાસા અને શુશ્રૂષા... વગેરે યોગગુણોમાંથી ચોથા ગુણ સ્વરૂપે તત્ત્વશ્રવણની અહીં પ્રાપ્તિ થાય છે. કારણ કે આ પૂર્વે ત્રીજી દૃષ્ટિમાં તાત્ત્વિક શુશ્રૂષાની પ્રાપ્તિ થઈ હોવાથી તેના ફળસ્વરૂપે ચોથી દૃષ્ટિમાં તત્ત્વશ્રવણની પ્રાપ્તિ થાય છે. આમ છતાં આ દૃષ્ટિમાં સૂક્ષ્મબોધ હોતો નથી. કારણ કે અહીં વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ થતી નથી. સૂક્ષ્મ બોધ, વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિથી જ પ્રાપ્ત થાય છે. અહીં નામથી જ વર્ણવેલા પ્રાણાયામાદિનું વર્ણન હવે પછી કરાશે. ॥૨૨-૧૬॥

❁❁❁

પ્રાણાયામનું વર્ણન કરાય છે-

रेचकः स्याद् बहिर्वृत्तिरन्तर्वृत्तिश्च पूरकः ।
कुम्भकः स्तम्भवृत्तिश्च, प्राणायामस्त्रिधेत्ययम् ।।२२-१७।।

"બાહ્યવૃત્તિ શ્વાસને રેચક કહેવાય છે; આભ્યંતર વૃત્તિ પ્રશ્વાસને પૂરક કહેવાય છે અને સ્તમ્ભવૃત્તિ એ બંન્નેને કુમ્ભક કહેવાય છે-આ રીતે ત્રણ પ્રકારનો પ્રાણાયામ કહેવાય છે."-આ પ્રમાણે સત્તરમા શ્લોકનો શબ્દશઃ અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે-યોગના ત્રીજા અઙ્ગ આસનની સિદ્ધિ થયા પછી શ્વાસ-પ્રશ્વાસની સ્વાભાવિક ગતિનો જે અભાવ થાય છે; તેને પ્રાણાયામ કહેવાય છે. બહારના વાયુને અંદર લેવો તેનું નામ શ્વાસ છે અને ઉદરમાં(પેટમાં) રહેલા વાયુને બહાર કાઢવો તેનું નામ પ્રશ્વાસ છે. તે શ્વાસ-પ્રશ્વાસનો જે અભાવ તે પ્રાણાયામ છે. પૂરકપ્રાણાયામમાં શ્વાસનો અભાવ હોય છે અને રેચકપ્રાણાયામમાં પ્રશ્વાસનો અભાવ હોય છે. અર્થાદ્ બંન્ને પ્રાણાયામમાં એક-એકનો અભાવ હોય છે. બંન્નેનો અભાવ ન હોવાથી યદ્યપિ તેને પ્રાણાયામ કહી શકાય નહીં, પરંતુ બંન્ને સ્થાને શ્વાસ અને પ્રશ્વાસની સ્વાભાવિક ગતિનો અભાવ હોવાથી તે અપેક્ષાએ તેને પ્રાણાયામ કહેવાય છે-એમ તેના જ્ઞાતાઓ કહે છે.

પ્રશ્વાસ દ્વારા સ્વાભાવિક પ્રાણગતિનો જે અભાવ છે; તેને બાહ્યવૃત્તિ રેચક કહેવાય છે. શ્વાસ દ્વારા જે પ્રાણની ગતિનો અભાવ છે; તે આભ્યંતરવૃત્તિ પૂરક છે અને પ્રયત્નથી એક સાથે શ્વાસ-પ્રશ્વાસનો જે અભાવ છે તેને સ્તમ્ભવૃત્તિ કુમ્ભક કહેવાય છે, જે હોતે છતે ઘડામાં

નિશ્ચલપણે રખાતા પાણીની જેમ પ્રાણને સ્થાપન કરાય છે. આ રીતે ત્રણ પ્રકાર વડે પ્રાણની ગતિનો વિચ્છેદ કરાય છે તેથી પ્રાણાયામ ત્રણ પ્રકારનો છે. આ વિષયનું વર્ણન કરતાં યોગસૂત્ર(૨-૪૯)માં જણાવ્યું છે કે-પૂર્વે જણાવેલા આસનનો પૂર્ણ લાભ થયે છતે જે શ્વાસ-પ્રશ્વાસની સ્વાભાવિક ગતિનો અભાવ થાય છે, તેને પ્રાણાયામ કહેવાય છે.

આ પ્રાણાયામ; નાસિકાથી બાર આંગળ વગેરે દેશ વડે; છવ્વીશમાત્રાદિ (અહીં છત્રીશમાત્રાદિ આવો પાઠ હોવો જોઈએ) પ્રમાણયુક્ત કાલ વડે અને આટલી વાર (અમુક વાર) ઈત્યાદિ સઙ્ખ્યાના પ્રમાણ વડે કરાયો છે. અર્થાત્ તે દેશ, તે કાળ અને તેટલી વારને(સઙ્ખ્યાને) આશ્રયીને શ્વાસ-પ્રશ્વાસથી પ્રથમ ઉદ્‌ઘાત થાય છે... ઈત્યાદિ સ્વરૂપે જણાતો એ પ્રાણાયામ દીર્ઘસૂક્ષ્મ તરીકે વર્ણવાય છે. આશય એ છે કે જ્યારે યોગી પ્રાણાયામ કરે છે ત્યારે પ્રથમ દેશને આશ્રયીને તેની પરીક્ષા કરે છે. નાસિકાના અગ્રભાગથી એક આંગળ પ્રદેશ ઉપર રૂ રાખી બાહ્યવાયુવિષયક રેચક પ્રાણાયામની પરીક્ષા કરવી કે રૂ સુધી વાયુ પહોંચે છે કે નહીં ? રૂ હાલે તો નિશ્ચય થાય કે અહીં સુધી બાહ્યવાયુ સ્થિરતાપૂર્વક વહે છે. ત્યાર પછી એક વેંત દૂર રૂ રાખી પરીક્ષા કરવી. એમ કરતાં જ્યારે બાર અંગુલ પર્યંત રેચક સ્થિર થઈ જાય ત્યારે તે દીર્ઘસૂક્ષ્મ કહેવાય છે. આવી જ રીતે કીડીના સ્પર્શ જેવા સ્પર્શથી આભ્યંતર પૂરકની પરીક્ષા કરવી. એ વાયુ નાભિચક્ર સુધી જાય ત્યારે તે(પૂરક) દીર્ઘસૂક્ષ્મ કહેવાય છે. દેશને આશ્રયીને પ્રાણાયામની પરીક્ષા ઉપર જણાવ્યા મુજબ કર્યા પછી

કાળને આશ્રયીને તેની પરીક્ષા કરવી. આટલી માત્રા સુધી તે રેચક પૂરક સ્થિર રહે છે. એનો ખ્યાલ એ પરીક્ષાથી આવે છે. હાથને જાનુ(ઢીંચણ) ઉપરથી ચારે તરફ ફેરવીને એક ચપટી વગાડવામાં જેટલો સમય જાય છે; તે સમયને એક માત્રા કહેવાય છે. આવી છત્રીશ માત્રા સુધી વધતો પ્રાણાયામ સ્થિર થાય ત્યારે તેને દીર્ઘસૂક્ષ્મ કહેવાય છે. આ રીતે દેશ અને કાળને આશ્રયીને પ્રાણાયામની પરીક્ષા કર્યા પછી સઙ્ખ્યાને આશ્રયીને તેની પરીક્ષા કરવામાં આવે છે. અમુક પ્રમાણ શ્વાસ-પ્રશ્વાસથી પ્રથમ ઉદ્‌ઘાત થયો. આટલા શ્વાસ-પ્રશ્વાસથી બીજો ઉદ્‌ઘાત થયો... ઈત્યાદિ રીતે સંખ્યાને આશ્રયીને પ્રાણાયામની પરીક્ષા કરાય છે. ઊર્ધ્વગમન કરતો પ્રાણ જ્યારે નીચે સ્થિર થાય ત્યારે તેને ઉદ્‌ઘાત કહેવાય છે. બાર માત્રા કાળ પર્યંતની એ અવસ્થાને પ્રથમ ઉદ્‌ઘાત કહેવાય છે. ચોવીશ માત્રા કાળ પર્યંતની એ અવસ્થાને બીજો ઉદ્‌ઘાત કહેવાય છે અને ત્રીજો ઉદ્‌ઘાત; છત્રીશ માત્રા કાળની એ અવસ્થાથી થાય છે.

આ પ્રમાણે દેશ કાળ અને સઙ્ખ્યાથી પરીક્ષા કરાયેલ અને અભ્યાસથી પરિવર્દ્ધિત થયેલો જે પ્રાણાયામ છે, તેને દીર્ઘસૂક્ષ્મ પ્રાણાયામ કહેવાય છે. જેમ પીંજેલો રૂનો ઢગલો પસરીને લાંબો અને સૂક્ષ્મ થઈ જાય છે. તેમ જ અહીં પણ દેશ કાળ અને સંખ્યાદિથી પરીક્ષિત અને પરિવર્દ્ધિત પ્રાણાયામ દીર્ઘ-સૂક્ષ્મ થાય છે. આ વિષયનું નિરૂપણ યોગસૂત્ર(૨-૫૦)માં કર્યું છે, જેનો અર્થ ઉપર જણાવ્યો છે. આ શ્લોકમાં ઉપર જણાવ્યા મુજબ પ્રાણાયામ ત્રણ પ્રકારનો છે. સામાન્ય રીતે ક્રમિક ભૂમિકાની અપેક્ષાએ એ નિરૂપણ છે. પરંતુ યોગીની વિશેષ યોગ્યતાએ તપેલા

પથ્થર ઉપર પડતાંની સાથે જળ જેમ શોષાઈ જાય છે તેમ એકાએક દેશકાળની અપેક્ષાએ પરીક્ષા વિના જ કુંભક પ્રાણાયામ થાય છે. તે ચતુર્થ પ્રાણાયામ છે. બાર અઙ્ગુલ જેટલો જે, નાસિકાથી માંડીને દેશ સ્વરૂપ પૂરકનો બાહ્યવિષય છે અને હૃદયથી માંડીને નાભિચક્રાદિ સુધીના દેશ સ્વરૂપ જે આભ્યંતર વિષય રેચકનો છે, તેની પરીક્ષા વિના એકદમ(સહસા એ બાહ્યાભ્યંતર વિષયના વિચાર વિના) તપેલા પથ્થર ઉપર પડેલા પાણીના ન્યાયે સ્તમ્ભવૃત્તિથી થતા કુમ્ભક પ્રાણાયામને લઈને ચતુર્થ પ્રાણાયામ મનાય છે. અર્થાદ્ જે કુંભકનો પૂરકરેચકસંબંધી દેશકાલાદિની પરીક્ષા કર્યા વિના એકદમ જ આરંભ કરાય છે તે ચતુર્થ કુંભક પ્રાણાયામ છે અને જે, પૂરક-રેચકના વિષયની પરીક્ષા કરવા પૂર્વક આરંભ કરાય છે, તે તૃતીય કુંભક પ્રાણાયામ છે. એ બંન્નેમાં પૂર્વોક્ત રીતે વિષયના પર્યાલોચન અને અપર્યાલોચનને લઈને ભેદ છે. અહીં આ શ્લોકની ટીકામાં **बाह्याभ्यंतरविषयो** આવો પાઠ છે. ત્યાં **बाह्याभ्यंतरविषयौ** આવો પાઠ હોવો જોઈએ. તેમ જ **हृदयनाभिचक्रादिरूप एव पर्या...** ઈત્યાદિ પાઠ છે. ત્યાં **हृदयनाभिचक्रादिरूपावपर्या...**ઈત્યાદિ પાઠ હોવો જોઈએ- એમ માનીને ઉપર જણાવ્યા મુજબ ટીકાનો અર્થ જણાવ્યો છે. "**बाह्याभ्यंतरविषयाक्षेपी चतुर्थ" इति** (૨-૫૧) આ યોગસૂત્રમાં જણાવ્યા મુજબ ચતુર્થ પ્રાણાયામનું સ્વરૂપ ઉપર જણાવ્યું છે. એ સૂત્રનો પરમાર્થ જણાવતાં 'પાતંજલ દર્શન પ્રકાશ'માં બીજી રીતે પણ ત્રીજા ચોથા પ્રાણાયામનું સ્વરૂપ વર્ણવ્યું છે, જે ઉપર જણાવેલા સ્વરૂપથી જુદું છે. આ વિષયનું તત્ત્વ તો તેના જાણકારો પાસેથી સમજી લેવું

જોઈએ. ॥૨૨-૧૭॥

પ્રાણાયામનું પ્રયોજન જણાવાય છે-

**धारणायोग्यता तस्मात्, प्रकाशावरणक्षयः ।**
**अन्यैरुक्तः क्वचिच्चैतद्, युज्यते योग्यतानुगम् ॥२२-१८॥**

"તેથી(પ્રાણાયામથી) ધારણાની યોગ્યતા પ્રાપ્ત થાય છે તેમ જ પ્રકાશના આવરણભૂત ક્લેશોનો ક્ષય થાય છે. આવા પ્રકારનો પ્રાણાયામ પતઞ્જલિ વગેરેએ વર્ણવ્યો છે તે, કોઈ યોગીવિશેષની યોગ્યતાને અનુલક્ષીને યોગ્ય છે, સર્વત્ર એ યોગ્ય નથી."-આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે.

એનો કહેવાનો આશય એ છે કે પ્રાણાયામની સિદ્ધિ થવાથી ચિત્ત સ્થિર થાય છે અને તેથી સ્થિર થયેલા એ ચિત્તને સુખેથી નિયત કરેલા દેશ(વિષય)માં ધારી શકાય છે. આ રીતે પ્રાણાયામથી ધારણાની યોગ્યતા પ્રાપ્ત થાય છે તેમ જ સાત્ત્વિક(સત્ત્વગુણપ્રધાન) ચિત્તમાં જે વિવેકજ્ઞાન સ્વરૂપ પ્રકાશ છે; તેના આવરણભૂત અવિદ્યાદિ ક્લેશોનો ક્ષય થાય છે. આ પ્રમાણે યોગસૂત્રમાં પણ વર્ણવ્યું છે. (જુઓ સૂ.નં. ૨-૫૩ અને ૨-૫૨)

આવા પ્રકારના પ્રાણાયામને પતઞ્જલિ વગેરેએ યોગની સિદ્ધિ માટે વર્ણવ્યો છે. પરંતુ ભગવાન શ્રી જિનેશ્વરદેવોના પ્રવચનમાં તો એ પ્રાણાયામ વ્યાકુળતામાં કારણ હોવાથી શ્વાસ-પ્રશ્વાસનો નિરોધ નિષિદ્ધ જ છે. મનવચનકાયાના યોગોની સમાધિ ટકી રહે એવી પ્રવૃત્તિ જ કલ્યાણને કરનારી છે. શ્વાસનો નિરોધ કરવા સ્વરૂપ વ્યાઘાત-

(સ્વાધ્યાયાદિ વ્યાઘાત)નું કોઈ જ પ્રયોજન નથી. શ્રી આવશ્યકસૂત્રની નિર્યુક્તિમાં; એ વિષયમાં વર્ણવ્યું છે કે-કાઉસ્સગ્ગમાં ઊભો રહેલો નવો સાધક ઉચ્છ્વાસને રૂંધે નહિ; તો પછી ચેષ્ટાસહિત કાયોત્સર્ગ કરનારની તો વાત જ ક્યાંથી હોય ? અર્થાત્ તે તો ઉચ્છ્વાસને ન જ રૂંધે; કારણ કે શ્વાસને સદંતર રોકવાથી તુરંત જ મરણ આવે છે. તેથી કાઉસ્સગ્ગમાં રહેલો સાધક સૂક્ષ્મ ઉચ્છ્વાસને જયણાથી છોડે.

આમ છતાં પતઞ્જલિ વગેરેએ જે જણાવ્યું છે તે કોઈ પુરુષવિશેષમાં તેની યોગ્યતા પ્રમાણે યોગ્ય છે. કારણ કે યોગીઓની રુચિ ભિન્ન ભિન્ન હોય છે. ઉક્ત પ્રાણાયામની રુચિવાળા જીવોને પ્રાણાયામથી પણ ફળની સિદ્ધિ થાય છે. પોતાની રુચિના કારણે સારી રીતે સિદ્ધ થયેલો ઉત્સાહ યોગનો ઉપાય છે. 'યોગબિંદુ' (૪૧૧)માં એ અંગે જણાવ્યું છે કે-'ઉત્સાહ, નિશ્ચય, ધૈર્ય, સંતોષ, તત્ત્વદર્શન અને જનપદનો ત્યાગ : આ છથી યોગની પ્રાપ્તિ થાય છે. વીર્યોલ્લાસને ઉત્સાહ કહેવાય છે; કર્ત્તવ્યના જ એકમાત્ર પરિણામને નિશ્ચય કહેવાય છે; સઙ્કટ પડે પણ પ્રતિજ્ઞાથી વિચલિત ન થવા સ્વરૂપ ધૈર્ય છે; આત્મામાં રમણતા સ્વરૂપ સંતોષ છે; 'યોગ એક જ પરમાર્થ છે'-આવી સમાલોચનાને તત્ત્વદર્શન કહેવાય છે અને ભવનું અનુસરણ કરનારા લોકવ્યવહારનો ત્યાગ કરવો-એ જનપદત્યાગ છે. એ છ ઉપાયોથી યોગના અર્થી જનોને યોગની પ્રાપ્તિ થાય છે. આથી સમજી શકાશે કે પ્રાણવૃત્તિનિરોધ-(પ્રાણાયામ)થી જ જેને ઈન્દ્રિયોની વૃત્તિઓનો નિરોધ પ્રાપ્ત થાય છે; તેને પ્રાણાયામનો ઉપયોગ છે. પરંતુ

પ્રાણાયામ વિના જ જેને ઈન્દ્રિયવૃત્તિનિરોધ પ્રાપ્ત થાય છે તેને તેનો(પ્રાણાયામનો) કોઈ જ ઉપયોગ નથી...ઈત્યાદિ બરાબર સમજી લેવું. ॥૨૨-૧૮॥

❁❁❁

ભાવને આશ્રયીને પ્રાણાયામનું સ્વરૂપ વર્ણવાય છે-

**रेचनाद् बाह्यभावानामन्तर्भावस्य पूरणात् ।**
**कुम्भनान्निश्चितार्थस्य प्राणायामश्च भावतः ॥२२-१९॥**

"બાહ્યભાવોના રેચનથી, અભ્યંતરભાવના પૂરણથી અને નિશ્ચિત અર્થના કુંભનથી જે પ્રાણાયામ થાય છે તેને ભાવ-પ્રાણાયામ કહેવાય છે."-આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે-પતઞ્જલિ ઈત્યાદિએ જણાવેલ પ્રાણાયામ; ઉપર જણાવ્યા મુજબ બધા માટે જો યોગનું અઙ્ગ બને નહીં તો અહીં દીપ્રાદષ્ટિમાં પ્રાપ્ત થનાર યોગના અઙ્ગ તરીકે તેનું વર્ણન કરવાનું પ્રયોજન નથી-એમ લાગે; પરંતુ અન્યાભિમત પ્રાણાયામનું વર્ણન કરીને સ્વાભિમત પ્રાણાયામનું(ભાવપ્રાણાયામનું) આ શ્લોકથી વર્ણન કરાય છે. આ ભાવપ્રાણાયામ બધા માટે સર્વથા ઉપયોગી હોવાથી યોગનું અવ્યભિચારી અંગ છે.

પોતાનું કુટુંબ, સ્ત્રી અને ધન વગેરે સંબંધી જે મમત્વભાવ છે; તેને બાહ્યભાવ કહેવાય છે. ભાવ પ્રાણાયામમાં તેનું રેચન કરાય છે. ત્રીજી દષ્ટિમાં કરેલા તત્ત્વશ્રવણથી ઉત્પન્ન થયેલ હેયોપાદેયના તેમ જ ભક્ષ્યાભક્ષ્યાદિના વિવેક સ્વરૂપ અહીં આભ્યંતરભાવ છે. તેના પૂરણને અહીં ભાવપૂરણ તરીકે વર્ણવ્યું છે અને 'પ્રાણો કરતાં અત્યંત શ્રેષ્ઠ ધર્મ છે.'... ઈત્યાદિ પ્રકારના

નિશ્ચયથી નિશ્ચિત થયેલા ધર્મને(નિશ્ચિતાર્થને) સ્થિર કરવા સ્વરૂપ; અહીં કુંભન છે. આ ભાવને આશ્રયીને પ્રાણાયામ છે, જે અવ્યભિચારી યોગાઙ્ગ છે. અર્થાત્ ચોથી દૃષ્ટિમાં બધાને જ આવા ભાવપ્રાણાયામની પ્રાપ્તિ થયેલી હોય છે. આથી જ યોગદૃષ્ટિ સમુચ્ચયના શ્લો.નં. ૫૭ ની ટીકામાં પણ ફરમાવ્યું છે કે-"આ દીપ્રાદૃષ્ટિ પ્રાણાયામવાળી છે. કારણ કે એમાં ભાવરેચક આદિના કારણે ચોથા યોગાઙ્ગ-(પ્રાણાયામ)નો સદ્‌ભાવ હોય છે અર્થાદ્ ભાવપ્રાણાયામ હોય છે."

આત્મા અને તેના ગુણોને અનુલક્ષીને જે કોઈ વિચારણા કરાય છે; તેને સામાન્ય રીતે અંતર્ભાવ અને એનાથી ભિન્ન ભાવોને બાહ્યભાવ કહેવાય છે. મોક્ષની પ્રાપ્તિ માટે બાહ્યભાવોથી દૂર થવાનું અને આભ્યંતરભાવોને પ્રાપ્ત કરવાનું ખૂબ જ આવશ્યક છે. અનાદિકાળથી અભ્યસ્ત કરેલા બાહ્યભાવોને દૂર કરવાનું ઘણું જ કપરું છે અને સર્વથા અપ્રાપ્ત જેવા આભ્યંતર ભાવોને મેળવવાનું પણ એટલું જ કપરું છે. 'પ્રાણથી પણ અધિક ધર્મ છે.'... ઈત્યાદિ નિશ્ચયને સ્થિર કર્યા વિના બાહ્યભાવોનું રેચન અને આભ્યંતર ભાવોનું પૂરણ શક્ય નથી. ભાવપ્રાણાયામમાં મુમુક્ષુ આત્માઓને બાહ્યભાવોના રેચનની; આભ્યંતર ભાવોના પૂરણની અને તાદૃશ નિશ્ચિતાર્થના કુંભન(સ્થિરીકરણ)ની અવસ્થા પ્રાપ્ત થાય છે...ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. ॥૨૨-૧૯॥

ભાવરેચકાદિના ગુણોનું વર્ણન કરાય છે-

**प्राणेभ्योऽपि गुरुर्धर्मः, प्राणायामविनिश्चयात् ।
प्राणांस्त्यजन्ति धर्मार्थं, न धर्मं प्राणसङ्कटे ॥२२-२०॥**

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે ભાવપ્રાણાયામના કારણે; 'પ્રાણો કરતાં પણ ધર્મ શ્રેષ્ઠતર છે.'-આ પ્રમાણે નિશ્ચય થવાથી આ દૃષ્ટિમાં મુમુક્ષુઓ ધર્મના અર્થે પ્રાણોનો ત્યાગ કરે છે. પરંતુ પ્રાણો ઉપર સંકટ આવે તો ય ધર્મનો ત્યાગ કરતા નથી. એનો આશય એ છે કે ભાવપ્રાણાયામના કારણે આ ચોથી દૃષ્ટિમાં ધર્મનું મહત્ત્વ સમજાય છે. અત્યાર સુધી આપણને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આપણા પોતાના પ્રાણ લાગતા હતા. પાંચ ઈન્દ્રિયો, મનવચનકાયાના ત્રણ બળ અને આયુષ્ય તથા શ્વાસોશ્વાસ : આ દશ પ્રાણો છે. યથાયોગ્ય જીવમાત્રને કોઈને કોઈ પ્રાણ હોય છે. સંજ્ઞીપઞ્ચેન્દ્રિયપર્યાપ્ત અવસ્થાને પામેલા જીવને દશ પ્રાણ હોય છે. આવા પ્રકારની અવસ્થામાં જ્યારે ચોથી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે; ત્યારે એ પ્રાણો કરતાં પણ મહત્તર(શ્રેષ્ઠતર) આ ધર્મ જણાય છે.

ચોથી દૃષ્ટિનો સાર જ એ નિશ્ચય છે. એથી ધર્મ માટે એ મુમુક્ષુ આત્માઓ પ્રાણનો ત્યાગ કરે છે. કારણ કે ઉત્સર્ગથી તેઓ પ્રવૃત્તિ કરે છે. પ્રાણની અપેક્ષા રાખે તો ગમે ત્યારે પણ ઉત્સર્ગથી કરાતી પ્રવૃત્તિનો ત્યાગ કરવાનો જ પ્રસંગ આવશે. તેથી જ ગમે તેવા પ્રાણના સંકટમાં પણ તેઓ ધર્મનો ત્યાગ કરતા નથી. કષ્ટ વેઠીને પણ ધર્મની પ્રવૃત્તિ ઉત્સર્ગથી કરતા હોય છે. પ્રથમ ગુણસ્થાનકની આ ચોથી દૃષ્ટિ છેલ્લી દૃષ્ટિ છે. 'પ્રાણ કરતાં ધર્મ મહત્તર છે'-આવો નિશ્ચય જ આ દૃષ્ટિનો સાર છે. એ નિશ્ચય ન હોય

તો પાંચમી... વગેરે દૃષ્ટિઓ કઈ રીતે પ્રાપ્ત થાય ? જે ધર્મથી; શરીરાદિના મૂળભૂત કર્મનો ઉચ્છેદ(નાશ) કરવાનો છે એ ધર્મ કરતાં; કર્મના યોગે પ્રાપ્ત થયેલા શરીરાદિ શ્રેષ્ઠ લાગે તો તેના મૂળભૂત કર્મનો ઉચ્છેદ ન જ થાય-એ સમજી શકાય છે. લોકોત્તરધર્મની પૂર્વભૂમિકાનો સ્પર્શ કર્યા વિના લોકોત્તરધર્મની સાધના આપણને સિદ્ધિ સુધી પહોંચાડે-એમાં બહુ તથ્ય નથી. ધર્મનું વાસ્તવિક મૂલ્ય સમજ્યા વિના જ ધર્મ કરાય તો તેના વાસ્તવિક ફળને પ્રાપ્ત કરવાનું શક્ય નથી.

'જે મરેલાને પણ અનુસરે છે તે ધર્મ એક જ મિત્ર છે. બીજું બધું તો શરીરના નાશની સાથે જ નાશ પામે છે...' ઈત્યાદિ તત્ત્વશ્રવણના પ્રભાવે આ દૃષ્ટિમાં ધર્મની મહત્તા સમજાય છે અને તેથી મુમુક્ષુજનો સ્વભાવથી જ તેનો સ્વીકાર ચોથી દૃષ્ટિમાં કરે છે. ચોથી દૃષ્ટિની એ એક અદ્‌ભુત સિદ્ધિ છે. એ તત્ત્વશ્રવણના કારણે લોકોત્તર ધર્મની પ્રાપ્તિ માટે ઘણી જ અનુકૂળતા પ્રાપ્ત થાય છે. ॥૨૨-૨૦॥

❀❀❀

તત્ત્વશ્રવણના ગુણનું વર્ણન કરાય છે-

**पुण्यबीजं नयत्येवं, तत्त्वश्रुत्या सदाशयः ।**
**भवक्षाराम्भसस्त्यागाद्, वृद्धिं मधुरवारिणा ॥२२-२१॥**

"આ ચોથી દૃષ્ટિમાં ભવસ્વરૂપ ખારા પાણીનો ત્યાગ કરવાથી સુંદર-શુભ આશયવાળો આત્મા મીઠા પાણીની જેમ તત્ત્વશ્રવણથી પુણ્યના બીજને વધારે છે..."-આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે

પ્રાણો કરતાં ધર્મ અધિક છે એમ સમજીને ઉત્સર્ગથી ધર્મની પ્રવૃત્તિ કરવાવડે ધર્મની અધિકતાની (મહત્તરતાની) પ્રતિપત્તિ(સ્વીકાર) કરવાથી; સુંદર પરિણામ છે જેના એવા આત્માઓ આ ચોથી દૃષ્ટિમાં ભવસ્વરૂપ ખારા પાણીનો ત્યાગ કરે છે, જેથી તત્ત્વશ્રવણસ્વરૂપ મીઠા પાણી વડે પુણ્યસ્વરૂપ બીજની વૃદ્ધિ કરે છે.

જેમ મધુર પાણીથી બીજની વૃદ્ધિ થાય છે, વૃક્ષના બીજને મધુર પાણીનો યોગ મળવાથી તેના માધુર્યનો અનુભવ ન હોય તોપણ બીજની વૃદ્ધિ થઈ જ જાય છે, તેમ તત્ત્વશ્રવણના અચિન્ત્ય સામર્થ્યથી; તત્ત્વના વિષયનું સ્પષ્ટ સંવેદન ન હોય તો ય અતત્ત્વશ્રવણનો ત્યાગ કરવાના કારણે તત્ત્વશ્રવણના યોગે પુણ્યની વૃદ્ધિ થાય છે જ. તત્ત્વવિષયક સ્પષ્ટ અવગમ ન હોય તો ય અતત્ત્વશ્રવણનો ત્યાગ કરવાથી પુણ્યવૃદ્ધિ થાય છે. આથી સમજી શકાશે કે પુણ્યવૃદ્ધિનું બીજ(કારણ) અતત્ત્વશ્રવણનો ત્યાગ છે. અત્યાર સુધીના આપણા સંસારનું મુખ્ય કારણ પણ અતત્ત્વશ્રવણ છે. અતત્ત્વની જિજ્ઞાસા, તેની શુશ્રૂષા અને તેનું શ્રવણ લગભગ અખંડપણે ચાલુ છે. જેના યોગે ભવસ્વરૂપ ખારા પાણીનો ત્યાગ પણ ન થયો. તત્ત્વશ્રવણ સ્વરૂપ મધુર પાણીના અભાવે; યોગનાં બીજોનો પ્રરોહ પણ ન થયો. ચોથી દૃષ્ટિમાં એ મધુર પાણીના યોગથી પુણ્યબીજો વૃદ્ધિને પામે છે.

આત્મા અને તેના ગુણોને અનુલક્ષીને જે શ્રવણ કરાય છે, તેને તત્ત્વશ્રવણ કહેવાય છે. આનાથી ભિન્ન વસ્તુને અનુલક્ષીને જે કોઈ શ્રવણ કરાય છે, તે બધું જ

અતત્ત્વશ્રવણ છે. આથી જ આ ચોથી દૃષ્ટિમાં ભવસ્વરૂપ ખારા પાણીનો ત્યાગ કરવાનું આવશ્યક છે. અન્યથા તત્ત્વશ્રવણસ્વરૂપ મધુર પાણીના યોગનો સંભવ નથી રહેતો. આ સમગ્ર સંસાર ખારા પાણી જેવો છે. એમાં કોઈ તત્ત્વ નથી. તેથી તેના શ્રવણાદિનો ત્યાગ કરી માત્ર તત્ત્વ-શ્રવણમાં જ રુચિ કેળવવી જોઈએ, જે આ ચોથી દૃષ્ટિમાં શક્ય બને છે. એના યોગે પુણ્યબીજ(યોગના બીજ) વૃદ્ધિને પ્રાપ્ત કરે છે. આમાંથી જ આગળ જતાં પાંચમી દૃષ્ટિમાં અત્યંત સુંદર એવા લોકોત્તર ધર્મની સાધનાનો પ્રારંભ થાય છે. બીજના પ્રરોહમાં મધુર પાણીના મહત્ત્વનો ખ્યાલ જેને છે તેને આ તત્ત્વશ્રવણનું મહત્ત્વ સમજતાં વાર નહીં લાગે. તત્ત્વ પ્રત્યે પ્રીતિ હોય તો તત્ત્વશ્રવણમાં કોઈ તકલીફ નથી. ॥૨૨-૨૧॥

❁❁❁

તત્ત્વશ્રવણનું જ ફળ વર્ણવાય છે-

**तत्त्वश्रवणतस्तीव्रा, गुरुभक्तिः सुखावहा ।**
**समापत्त्यादिभेदेन, तीर्थकृद्दर्शनं ततः ॥२२-२२॥**

"તત્ત્વશ્રવણથી સુખને કરનારી ઉત્કટ એવી ગુરુભક્તિ પ્રાપ્ત થાય છે અને તેથી સમાપત્તિ... વગેરે પ્રકારે શ્રી તીર્થંકરપરમાત્માનું સાક્ષાદ્ દર્શન થાય છે."-આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે તત્ત્વશ્રવણ કરવાથી સાંભળનારને પોતાના પરમઈષ્ટ-સિદ્ધિની સાધનતાનું ચોક્કસ જ્ઞાન થાય છે. તેથી તેવું જ્ઞાન આપનારા અને તત્ત્વનું શ્રવણ કરાવનારા પરમતારક ગુરુદેવશ્રીની પ્રત્યે ઉત્કટ કોટિનો ભક્તિભાવ જન્મે છે. તેને

લઈને આ પરમતારક ગુરુદેવશ્રીનો; આરાધ્યસ્વરૂપે મુમુક્ષુ આ દૃષ્ટિમાં સ્વીકાર કરે છે. આરાધ્યસ્વરૂપે જે પ્રતિપત્તિ-(અંતરથી સ્વીકાર) છે તેને ભક્તિ કહેવાય છે. આ ભક્તિ આ લોક અને પરલોકઃ ઉભય લોકમાં સુખ-હિતને કરનારી છે. એવી ઉત્કટ ભક્તિ તત્ત્વશ્રવણથી ચોથી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે.

• એ ગુરુભક્તિથી સમાપત્તિ વગેરે પ્રકારે ભગવાન શ્રી તીર્થંકરપરમાત્માનું સાક્ષાદ્ દર્શન પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે યોગદૃષ્ટિસમુચ્ચયમાં(શ્લો.નં. ૬૪) જણાવતાં ફરમાવ્યું છે કે-ગુરુભક્તિપ્રભાવથી અર્થાત્ તેને લઈને ઉપાર્જન કરેલા શુભકર્મથી સમાપત્તિ વગેરે પ્રકારે શ્રી તીર્થંકર પરમાત્માનું દર્શન માનવામાં આવ્યું છે, જે મોક્ષનું ચોક્કસ કારણ છે. અહીં જે શ્રી તીર્થંકરપરમાત્માનું દર્શન; સમાપત્તિ વગેરે પ્રકારે થાય છે-એમ જણાવ્યું છે ત્યાં સમાપત્તિધ્યાન જ સ્પર્શનાસ્વરૂપ છે. પરમાત્માએ ઉપદેશેલા પરમતારક તત્ત્વશ્રવણથી શ્રોતાને નિરંતર પરમાત્માનું પુણ્યસ્મરણ થાય છે. એ રીતે સતત પરમાત્મધ્યાનથી ધ્યેયસ્વરૂપે પરમાત્માની સાથે જે તન્મયતા પ્રાપ્ત થાય છે તે સ્વરૂપ જ અહીં સમાપત્તિ છે. તેમ જ આ તત્ત્વશ્રવણથી સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ દ્વારા શ્રી તીર્થંકરનામકર્મનો બંધ થાય છે, તેનો વિપાક અનુભવાય છે અને તીર્થંકરપણાની પ્રાપ્તિ થાય છે. તે સ્વરૂપે શ્રી તીર્થંકરપરમાત્માનું દર્શન; આ દૃષ્ટિમાં તત્ત્વશ્રવણથી થાય છે. જેના મૂળમાં ઉત્કટ ગુરુભક્તિ કામ કરે છે. એ સ્પષ્ટ છે કે ગુરુભગવંત પ્રત્યેની ભક્તિ, પરમગુરુના દર્શનનું પ્રબળ કારણ છે. ॥૨૨-૨૨॥

**प्राणायामवती**...ઈત્યાદિ (શ્લો. નં. ૧૬) શ્લોકમાં જણાવ્યું છે કે આ દૃષ્ટિમાં સૂક્ષ્મબોધ હોતો નથી. (**सूक्ष्मबोधमनाश्रिता**) હવે તેનું કારણ જણાવાય છે-

**कर्मवज्रविभेदेनानन्तधर्मकगोचरे ।**
**वेद्यसंवेद्यपदजे, बोधे सूक्ष्मत्वमत्र न ॥२२-२३॥**

"કર્મસ્વરૂપ વજ્રના વિભેદથી; વેદ્યસંવેદ્યપદના કારણે ઉત્પન્ન થનાર; અનંતધર્માત્મક વસ્તુને તે સ્વરૂપે ગ્રહણ કરનાર બોધમાં સૂક્ષ્મત્વ મનાય છે. એ સૂક્ષ્મત્વ આ દૃષ્ટિ હોય ત્યારે હોતું નથી...'-આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે અનાદિકાળથી આત્માની સાથે કર્મોનો સંયોગ છે. એ કર્મો અત્યંત દુર્ભેદ્ય હોવાથી વજ્રજેવાં કઠોર છે. આત્માના વિશુદ્ધ પરિણામથી જ્યારે એનો વિભેદ થાય છે; અર્થાત્ ફરી પાછા ન બંધાય તે રીતે તેનો નાશ થાય ત્યારે વેદ્યસંવેદ્યપદમાં આ સૂક્ષ્મ બોધની પ્રાપ્તિ થાય છે.

ભેદ-અભેદ, નિત્યત્વ-અનિત્યત્વ, વગેરે અનંત ધર્મથી વ્યાપ્ત એવી વસ્તુને તે સ્વરૂપે ગ્રહણ કરનાર બોધમાં જ સૂક્ષ્મત્વ મનાય છે. અર્થાત્ તેવો બોધ જ સૂક્ષ્મ બોધ છે, જે બોધ આ દીપ્રાદૃષ્ટિમાં હોતો નથી. કારણ કે વેદ્યસંવેદ્યપદની અપેક્ષાએ આ દૃષ્ટિની ભૂમિકા થોડી નીચી છે. આ દૃષ્ટિમાં એવો કર્મવિભેદ(ગ્રંથિભેદ) થતો નથી.

આ વાતને જણાવતાં યોગદૃષ્ટિસમુચ્ચયમાં (શ્લોક નં. ૬૬) ફરમાવ્યું છે કે સૂક્ષ્મ બોધ; લોકોત્તર પ્રવૃત્તિનો હેતુ હોવાથી ભવસમુદ્રથી તારનારો હોય છે. કર્મના; ફરી પાછા બંધાય નહીં તે રીતે થયેલા વિભેદથી તે પ્રાપ્ત થાય

છે અને અનંતધર્માત્મક વસ્તુને તે સ્વરૂપે તે જણાવનારો હોય છે. અર્થાત્ સંસારસાગરથી પાર ઉતારનાર; કર્મના વિભેદથી ઉત્પન્ન થનાર અને સમગ્રરૂપે જ્ઞેય વસ્તુને ગ્રહણ કરનાર સૂક્ષ્મ બોધ છે. આવા પ્રકારનો સૂક્ષ્મ (નિપુણ-પટુ) બોધ આ દષ્ટિમાં અને એની પૂર્વેની દષ્ટિમાં હોતો નથી. કારણ કે ત્યાં અને અહીં ગ્રંથિનો (રાગ-દ્વેષની તીવ્રપરિણતિનો) ભેદ થયેલો નથી. એના ભેદ પછી જ સૂક્ષ્મ બોધ હોય છે. ॥૨૨-૨૩॥

❁❁❁

વેદ્યસંવેદ્યપદનો પણ પહેલી ચાર દષ્ટિમાં અભાવ હોવાથી ત્યાં સૂક્ષ્મ બોધનો અભાવ હોય છે, તે જણાવાય છે-

**अवेद्यसंवेद्यपदं, चतसृष्वासु दृष्टिषु ।**
**पक्षिच्छायाजलचरप्रवृत्त्याभं यदुल्बणम् ॥२२-२४॥**

"જેથી; પક્ષીઓની છાયામાં જલચર-મત્સ્યાદિ-જીવોની પ્રવૃત્તિ જેવું પ્રબળ એવું અવેદ્યસંવેદ્યપદ પહેલી ચાર દષ્ટિમાં હોય છે. (તેથી ત્યાં સૂક્ષ્મ બોધ હોતો નથી.)"-આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. તાત્પર્ય એ છે કે મિત્રા, તારા અને બલા દષ્ટિમાં તેમ જ આ ચોથી દીપ્રાદષ્ટિમાં ખૂબ જ પ્રબળ(અધિક) અવેદ્યસંવેદ્યપદ હોય છે. એ અવેદ્યસંવેદ્યપદ; જળમાં પડતી આકાશમાં ઊડતા પંખીની છાયામાં, પક્ષિની બુદ્ધિએ તેને ગ્રહણ કરવાના આશયથી જલચર જીવો-મત્સ્ય વગેરે જે પ્રવૃત્તિ કરે છે, તેના જેવું છે. પાણીમાં પક્ષી નથી પરંતુ પક્ષીની છાયા જ છે. એને પંખી માનીને જલચર જીવો એને ગ્રહણ કરવાની

પ્રવૃત્તિ કરે છે પરંતુ એ જેમ તાત્ત્વિક નથી તેમ જ અહીં પણ વેદ્યસંવેદ્યપદ તાત્ત્વિક નથી. પણ આરોપનો વિષય હોવાથી અતાત્ત્વિક છે. આથી જ આ ચાર દૃષ્ટિઓમાં તે (વેદ્યસંવેદ્યપદ) અત્યંત મંદ-અવ્યક્ત હોય છે.

સામાન્ય રીતે જે વસ્તુ જેના જેવી હોય છે તે વસ્તુને તેના કોઈ ધર્મને લઈને તે રૂપે જણાવાય છે ત્યારે તે વસ્તુમાં તેનો આરોપ કરવામાં આવે છે. જેમ આહ્લાદકત્વ, વર્તુલત્વ અને સુંદરત્વાદિ ધર્મને લઈને મુખમાં ચંદ્રનો અધ્યવસાય કરાય છે, તે આરોપ છે તેમ અહીં પણ સૂક્ષ્મબોધ ન હોવા છતાં તેના જેવું જણાય છે. તેથી વેદ્યસંવેદ્યપદનો પહેલી ચાર દૃષ્ટિઓમાં આરોપ કરાય છે. આરોપનું અધિષ્ઠાન સાદૃશ્ય છે. જેમાં જેનો આરોપ કરાય છે તેમાં તે અતાત્ત્વિક હોય છે... ઈત્યાદિ અધ્યાપકાદિ પાસેથી સમજી લેવું જોઈએ... આવું અતાત્ત્વિક પણ વેદ્યસંવેદ્યપદ પહેલી ચાર દૃષ્ટિઓમાં ચરમયથાપ્રવૃત્તકરણ-(શુદ્ધ યથાપ્રવૃત્તકરણ)ના કારણે છે-એમ યોગાચાર્યો કહે છે. 'યોગદૃષ્ટિસમુચ્ચય'ના શ્લો.નં. ૬૭ થી આ વિષયમાં જણાવ્યું છે કે-જે કારણે આ પહેલી ચાર દૃષ્ટિઓમાં જે અવેદ્યસંવેદ્યપદ છે તે પક્ષીની છાયામાં પક્ષીની બુદ્ધિએ થતી જલચર જીવોની પ્રવૃત્તિ જેવું અત્યંત પ્રબળ છે. તેથી અહીં વેદ્યસંવેદ્યપદ તાત્ત્વિક નથી. કારણ કે ગ્રંથિભેદ અહીં થયેલો નથી. અતાત્ત્વિક પણ એ વેદ્યસંવેદ્યપદ; ચરમ યથાપ્રવૃત્તકરણને કારણે છે- એમ યોગાચાર્યો કહે છે. ॥૨૨-૨૪॥

પ્રથમ ચાર દૃષ્ટિઓમાં અતાત્ત્વિક વેદ્યસંવેદ્યપદ હોય છે. એમાં વેદ્યસંવેદ્યપદનું સ્વરૂપ વર્ણવાય છે-

**वेद्यं संवेद्यते यस्मिन्नपायादिनिबन्धनम् ।**
**पदं तद् वेद्यसंवेद्यमन्यदेतद्विपर्ययात् ॥२२-२५॥**

"જે આશયવિશેષમાં અપાયાદિના કારણભૂત વેદ્યનો (જાણવાયોગ્યનો) અનુભવ થાય છે; તે આશયવિશેષને વેદ્યસંવેદ્યપદ કહેવાય છે. એનાથી વિપરીત સ્વરૂપવાળું બીજું(અન્ય) અવેદ્યસંવેદ્ય પદ છે."-આ પ્રમાણે પચીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે-તેવા પ્રકારના(વાસ્તવિક) ભાવયોગી સામાન્ય વડે અર્થાત્ દરેક ભાવયોગી વડે વસ્તુના વાસ્તવિક સ્વરૂપથી કોઈ પણ પ્રકારના વિકલ્પથી રહિત એવા જ્ઞાનનો જે ગ્રાહ્ય-વિષય છે તેને વેદ્ય કહેવાય છે.

અપાયાદિભૂત નરક-સ્વર્ગાદિનું જે કારણ હિંસા-અહિંસાદિ છે તે બધા અપાયાદિના નિબંધન કહેવાય છે. અપાયાદિના નિબંધનભૂત વેદ્યનું પોતાના ક્ષયોપશમ મુજબ નિશ્ચયાત્મક જે જ્ઞાન છે તેને તે વેદ્યનું સંવેદન કહેવાય છે. અહીં અપાયાદિના નિબંધન તરીકે હિંસાહિંસાદિ જણાવ્યા છે. યોગદૃષ્ટિસમુચ્ચય શ્લો.નં. ૭૩ની ટીકામાં સ્ત્રી વગેરે જણાવ્યા છે. એ મુજબ અહીં **नरकस्वर्गादिकारणं स्त्र्यादि** આવો પાઠ સુધારી શકાય છે. જે આશય(આત્મપરિણામ)-વિશેષમાં ઉપર જણાવ્યા મુજબ અપાયાદિના કારણભૂત વેદ્યનું સંવેદન થાય છે, તેને વેદ્યસંવેદ્યપદ કહેવાય છે. એનાથી અન્ય જે અવેદ્યસંવેદ્યપદ છે તે ઉપર જણાવેલા સ્વરૂપથી વિપરીત સ્વરૂપે સમજવું અર્થાત્ ત્યાં તાદૃશ

વેદ્યનું સંવેદન હોતું નથી.

આવા યથાવદ્ વેદ્યના શુદ્ધ સંવેદનને લઈને જ વેદ્યસંવેદ્યપદનો વ્યવહાર થતો હોય અર્થાદ્ 'વેદ્યસંવેદ્યપદ'ની વ્યવહારસ્વરૂપ પ્રવૃત્તિનું નિમિત્ત તાદશ સંવેદનને માનવાનું હોય તો મહામુનિ શ્રી માષતુષાદિમાં તાદશ સંવેદન ન હોવાથી તેઓશ્રીમાં વેદ્યસંવેદ્યપદને નહિ માનવાનો પ્રસઙ્ગ આવશે. એના નિવારણ માટે તાદશ સંવેદનની યોગ્યતાને જ વેદ્યસંવેદ્યપદના વ્યવહારનું નિમિત્ત માનવામાં આવે તો માષતુષાદિ મહાત્માઓમાં તેવા પ્રકારની યોગ્યતા હોવાથી વેદ્યસંવેદ્યપદ માનવામાં કોઈ દોષ નથી. પરંતુ એવા પ્રકારની યોગ્યતા તો મિત્રાદિ ચારેય દષ્ટિઓમાં પણ સંભવે છે. તેથી પહેલી ચાર દષ્ટિઓ વખતે પણ વેદ્યસંવેદ્યપદ માનવાનો પ્રસઙ્ગ આવશે. આ રીતે બંન્ને રીતે યદ્યપિ દોષ છે, પરંતુ વેદ્યસંવેદ્યપદની પ્રવૃત્તિનું નિમિત્ત; તાદશ સંવેદન કે તેની યોગ્યતા મનાતું નથી પણ ગ્રંથિભેદના કારણે ઉત્પન્ન રુચિવિશેષ મનાય છે. તેથી કોઈ દોષ નથી. કારણ કે માષતુષાદિ મહાત્માઓમાં તાદશ રુચિવિશેષ છે અને મિત્રાદિ ચાર દષ્ટિઓમાં ગ્રંથિભેદ થયેલો ન હોવાથી તાદશ રુચિવિશેષ ત્યાં નથી. વેદ્યનું સંવેદન જ્યાં છે, તેને વેદ્યસંવેદ્યપદ કહેવાય છે-આ પ્રમાણે 'વેદ્યસંવેદ્યપદ'નો વ્યુત્પત્ત્યર્થ છે, શબ્દની પ્રવૃત્તિમાં એ નિમિત્ત નથી. કોઈ વાર પ્રવૃત્તિનિમિત્ત અને વ્યુત્પત્તિનિમિત્ત બંન્ને જુદા પણ હોય છે... ઈત્યાદિ એના જાણકારો પાસેથી સમજી લેવું જોઈએ. ॥૨૨-૨૫॥

ત્રેવીસમા શ્લોકમાં વેદ્યસંવેદ્યપદમાં સૂક્ષ્મબોધ હોય છે-એ પ્રમાણે જણાવ્યું છે, તેનું કારણ જણાવાય છે-

**अपायशक्तिमालिन्यं, सूक्ष्मबोधविघातकृत् ।**
**न वेद्यसंवेद्यपदे, वज्रतण्डुलसन्निभे ॥२२-२६॥**

"વજ્રના ચોખા જેવા વેદ્યસંવેદ્યપદમાં; સૂક્ષ્મ બોધના વિઘાતને કરનારું અપાયની શક્તિ સ્વરૂપ માલિન્ય હોતું નથી."-આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે ચોથી દષ્ટિમાં પ્રાણાયામની પ્રાપ્તિ વગેરે થવાથી અનેક વિશેષતાઓની ઉપલબ્ધિ થતી હોવા છતાં ત્યાં સૂક્ષ્મબોધની પ્રાપ્તિ થતી નથી. કારણ કે ત્યાં વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ થતી નથી- એ આ પૂર્વે જણાવ્યું છે. એ જાણ્યા પછી સ્વાભાવિક રીતે જ જિજ્ઞાસુને શઙ્કા ઉદ્ભવે છે કે વેદ્યસંવેદ્યપદમાં જ સૂક્ષ્મબોધની પ્રાપ્તિ થાય છે અને અન્યત્ર એ થતી નથી-એનું કયું કારણ છે ? એ શઙ્કાનું સમાધાન આ શ્લોકથી કરાય છે.

એનો આશય એ છે કે સૂક્ષ્મબોધનો વિઘાત કરનારું અપાયશક્તિનું માલિન્ય છે. નરકાદિસ્વરૂપ અપાયને પ્રાપ્ત કરાવનાર તે તે કર્મોના બંધની જે યોગ્યતા છે તે સ્વરૂપ અપાયની શક્તિ છે. એ જ આત્માનું મલિનત્વ છે. જ્યાં સુધી અપાયના હેતુનું આસેવન કરાવનાર ક્લિષ્ટ બીજોનો સદ્ભાવ છે ત્યાં સુધી સદ્જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમનો અભાવ હોય છે. વજ્રના ચોખા જેવું વેદ્યસંવેદ્યપદ છે. ગમે તેટલો અગ્નિનો તાપ આપવામાં આવે તોપણ વજ્રના ચોખામાં જેમ પાકનો સંભવ નથી, તેમ વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિમાં અપાયશક્તિનું માલિન્ય હોતું નથી.

કોઈ વાર ભૂતકાળમાં બંધાયેલા અશુભ કર્મના યોગે પ્રાપ્ત થયેલ નરકાદિગતિમાં પણ માનસિક દુઃખોનો અભાવ હોય છે. તેથી વેદ્યસંવેદ્યપદવાળા(પાંચમી... વગેરે દૃષ્ટિવાળા) આત્માઓને ભાવપાક(કષાયાદિનો ઉદય) થતો નથી. આ વાત વ્યવહારનયને આશ્રયીને કરી છે. અર્થાદ્ વ્યવહારનયને અભિમત વેદ્યસંવેદ્યપદસ્વરૂપ ભાવને આશ્રયીને એ વાત કરી છે. નિશ્ચયનયને અભિમત એવા વિશુદ્ધ વેદ્યસંવેદ્યપદની અપેક્ષાએ તો જેઓ સમ્યગ્દર્શનથી પડેલા અનંતસંસારી છે, તેમને વેદ્યસંવેદ્યપદભાવ જ નથી. નિશ્ચયનયસંબંધી વેદ્યસંવેદ્યપદવાળા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ શ્રેણિક મહારાજાદિમાં તો ફરીથી દુર્ગતિમાં તેઓ ગયા ન હોવાથી તપેલા લોઢા ઉપર પગ મૂકવા જેવી પણ પાપ-પ્રવૃત્તિ છેલ્લી જ હતી. એ વિષયમાં યોગદૃષ્ટિસમુચ્ચયમાં (શ્લો.નં. ૭૦-૭૧) ફરમાવ્યું છે કે-"અવેદ્યસંવેદ્યપદથી અન્ય વેદ્યસંવેદ્યપદ છેલ્લી ચાર દૃષ્ટિમાં (સ્થિરાદિદૃષ્ટિમાં) હોય છે. આ વેદ્યસંવેદ્યપદથી પ્રાયઃ પાપકર્મ-હિંસાદિમાં પ્રવૃત્તિ થતી નથી. કોઈ વાર ભૂતકાળમાં બાંધેલા કર્મના વિપાકથી પાપકર્મ-હિંસાદિમાં જે પણ પ્રવૃત્તિ થાય તે તપેલા લોઢા ઉપર પગ મૂકવા જેવી અત્યંતકંપસહિત ના-છૂટકે હોય છે અને સંવેગના સારવાળી હોય છે. વેદ્યસંવેદ્ય-પદથી સંવેગ(તીવ્ર મોક્ષાભિલાષા-નિશ્ચલશ્રદ્ધા)ના અતિશયથી એ પાપની પ્રવૃત્તિ છેલ્લી જ હોય છે. કારણ કે શ્રેણિક મહારાજાદિની જેમ ફરીથી તેમને દુર્ગતિનો યોગ થતો નથી..."-આ વાત નિશ્ચયનયને અભિમત એવા ક્ષાયિકસમકિતી આત્માઓના વેદ્યસંવેદ્યપદને આશ્રયીને સમજવી જોઈએ. વ્યવહારનયને આશ્રયીને પણ આ

વેદ્યસંવેદ્યપદ જ સારું છે. કારણ કે એ વખતે એ હોતે છતે પ્રાયે કરી દુર્ગતિમાં પણ માનસિક દુઃખનો અભાવ હોય છે. ઉપર જણાવ્યા મુજબ વજ્રતણ્ડુલની જેમ ભાવને આશ્રયીને પાક થતો નથી... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ.

॥૨૨-૨૬॥

❁❁❁

અવેદ્યસંવેદ્યપદમાં સૂક્ષ્મબોધ હોતો નથી પણ સ્થૂલબોધ જ હોય છે. તેનું કારણ જણાવાય છે-

**तच्छक्तिः स्थूलबोधस्य, बीजमन्यत्र चाक्षतम् ।**
**तत्र यत्पुण्यबन्धोऽपि, हन्तापायोत्तरः स्मृतः ॥२२-२७॥**

"અવેદ્યસંવેદ્યપદમાં અપાયશક્તિસ્વરૂપ; સ્થૂલબોધનું બીજ અક્ષત હોય છે. તે અસંવેદ્યપદમાં જે કારણે પુણ્યબંધ પણ અપાયોત્તર (અપાયવાળો) થાય છે, તેથી તે પુણ્યબંધ પાપાનુબંધી હોય છે."-આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય સ્પષ્ટ જ છે કે વેદ્યસંવેદ્યપદથી અન્યત્ર અવેદ્યસંવેદ્યપદમાં નરકાદિ અપાયને પ્રાપ્ત કરવાની યોગ્યતા અક્ષત એટલે કે અભિભૂત થયેલી નહિ એવી અનભિભૂત હોય છે. તેથી સ્થૂલબોધના બીજ સ્વરૂપ એ અપાયની શક્તિ, સૂક્ષ્મ બોધનો પ્રતિબંધ કરવાનું કાર્ય કરે છે.

આ અવેદ્યસંવેદ્યપદમાં જે પણ પુણ્યબંધ થાય છે, તે ભવિષ્યમાં પ્રાપ્ત થનારા વિઘ્ન-અપાયથી સંબદ્ધ મનાય છે. તેથી તે પુણ્યબંધને પાપાનુબંધીરૂપે વર્ણવાય છે. અહીં વેદ્યસંવેદ્યપદથી ભિન્ન એવા અવેદ્યસંવેદ્યપદને આશ્રયીને

સામાન્યથી વર્ણન કર્યું છે. વિશેષથી; આગળના શ્લોકો દ્વારા વર્ણવેલા અર્થનું અનુસંધાન કરી એના તાત્પર્યને સમજી લેવું જોઈએ. પાપાનુબંધી પુણ્યબંધનું પ્રયોજક માત્ર અવેદ્યસંવેદ્યપદ જ નથી. બીજી પણ સામગ્રી એની પ્રયોજક છે... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે.

॥૨૨-૨૭॥

❀❀❀

અવેદ્યસંવેદ્યપદની વિદ્યમાનતામાં સ્થૂલબોધ હોય છે- તેનું કારણ જ પ્રકારાંતરે જણાવાય છે-

**प्रवृत्तिरपि योगस्य, वैराग्यान्मोहगर्भतः ।**
**प्रसूतेऽपायजननीमुत्तरां मोहवासनाम् ॥२२-२८॥**

"અવેદ્યસંવેદ્યપદમાં યોગની પ્રવૃત્તિ પણ મોહગર્ભિત વૈરાગ્યથી ઉત્તરોત્તર અપાયને ઉત્પન્ન કરનારી મોહવાસના-(સંસ્કાર)ને ઉત્પન્ન કરે છે."-આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સમજી શકાય છે કે અવેદ્યસંવેદ્યપદની વિદ્યમાનતામાં ગ્રંથિનો ભેદ થયેલો ન હોવાથી વૈરાગ્ય મોહગર્ભિત હોય છે. એ વૈરાગ્યના કારણે થતી યોગની પ્રવૃત્તિ પણ; જો સદ્ગુરુદેવશ્રીનું પારતંત્ર્ય ન હોય તો અપાય(નરકાદિ ગમન)ને ઉત્પન્ન કરનારી ઉત્તરોત્તર મોહવાસનાને ઉત્પન્ન કરે છે.

કારણ કે સદ્ગુરુદેવશ્રીનું પારતંત્ર્ય ન હોય તો મોહ-મૂલક અનુષ્ઠાન મોહના સંસ્કારનું અવંધ્ય (ચોક્કસ જ ફળને ઉત્પન્ન કરનાર) કારણ છે. આથી અહીં અવેદ્યસંવેદ્યપદમાં

યોગની પ્રવૃત્તિ અકિંચિત્કર છે. અર્થાદ્ એ કરે કે ન કરે તેથી કોઈ લાભ નથી. આવી સ્થિતિમાં પણ સદ્ગુરુપારતંત્ર્યનો યોગ મેળવી લઈએ તો જે યોગની પ્રવૃત્તિ મોહ-વાસનાને ઉત્પન્ન કરતી હતી; તે જ પ્રવૃત્તિ મોહના ઉન્મૂલનનું કારણ બની જાય. અવેદ્યસંવેદ્યપદથી વેદ્યસંવેદ્યપદને પામવા માટે સદ્ગુરુદેવના પારતંત્ર્યને છોડીને બીજો કયો ઉપાય છે ? મોહોત્પાદક મોહનાશક બને : એ એક અદ્ભુત ચમત્કાર છે; સદ્ગુરુદેવશ્રીના પારતંત્ર્યનો... ॥૨૨-૨૮॥

❀❀❀

સદ્ગુરુપારતંત્ર્યસહિત અને તેનાથી રહિત એવા અવેદ્યસંવેદ્યપદ વખતે જે પુણ્યબંધાદિ થાય છે-તે જણાવાય છે-

**अवेद्यसंवेद्यपदे, पुण्यं निरनुबंधकम् ।**
**भवाभिनंदिजन्तूनां, पापं स्यात्सानुबंधकम् ॥२२-२९॥**

"અવેદ્યસંવેદ્યપદમાં અનુબંધ વિનાનું પુણ્ય બંધાય છે અને ભવાભિનંદી જીવોને અનુબંધસહિત પાપનો બંધ થાય છે."-આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. કહેવાનો આશય એ છે કે વેદ્યસંવેદ્યપદથી ભિન્ન અવેદ્યસંવેદ્યપદ છે. સામાન્યથી એ પદ ગ્રંથિનો ભેદ થવાની પૂર્વાવસ્થામાં હોય છે. પહેલી ચાર દૃષ્ટિઓમાં અને ભવાભિનંદીપણામાં અવેદ્યસંવેદ્યપદ હોય છે. પહેલી ચાર દૃષ્ટિઓમાં ભવાભિનંદી જીવો ન હોવાથી એ જીવોને જ્યારે પણ કોઈ વાર પાપાનુબંધી પુણ્યબંધ ન થાય તો તે વખતે પુણ્યબંધ; અનુબંધથી રહિત હોય છે. સાનુબંધ (પુણ્યાનુબંધી) પુણ્ય તો ગ્રંથિભેદથી થાય છે. અર્થાદ્

એવા પુણ્યબંધનો નિયામક ગ્રંથિભેદ છે.

ભવાભિનંદી જીવોને; ક્ષુદ્રત્વ યાચ્ઞાશીલત્વ દીનત્વ માત્સર્ય ભય શઠત્વ અને સર્વત્રાભિનિવેશ... ઈત્યાદિ દોષોના કારણે રાગદ્વેષાદિની પ્રબળતા હોવાથી પાપનો બંધ સાનુબંધ (પાપાનુબંધી) થાય છે. કારણ કે પાપાનુબંધી પાપનું અવંધ્ય બીજ; રાગદ્વેષાદિની પ્રબળતા છે. ભવાભિનંદી જીવોમાં એવી રાગ-દ્વેષાદિની પ્રબળતા ઘણી જ હોય છે. કૃપણ, માંગણ, દીન, બીજાના કલ્યાણથી દુઃખી, ભયવાન, માયાવી, મૂર્ખ અને સર્વત્ર અતત્ત્વના અભિનિવેશી : આ બધા જીવો ભવાભિનંદી અર્થાત્ સંસાર પ્રત્યે બહુમાનવાળા હોય છે. એ જીવોનો બોધ અસત્પરિણામથી અનુવિદ્ધ હોય છે. તેથી જ વિષયુક્ત અન્નની જેમ એ સુંદર હોતો નથી. આવા પ્રકારના અવેદ્યસંવેદ્ય પદવાળા વિપર્યાસને જ પ્રાપ્ત કરતા હોય છે, હિતાહિતના વિવેકથી રહિત હોય છે, માત્ર વર્ત્તમાનકાળને જોનારા તેઓ પદે પદે ખેદને પામે છે.

॥૨૨-૨૯॥

ભવાભિનંદી એવા અવેદ્યસંવેદ્યપદવાળા જીવો કેવા હોય છે : તે જણાવાય છે-

**कुकृत्यं कृत्यमाभाति, कृत्यं चाकृत्यमेव हि ।**
**अत्र व्यामूढचित्तानां, कण्डूकण्डूयनादिवत् ॥२२-३०॥**

''અહીં અવેદ્યસંવેદ્યપદમાં વ્યામૂઢચિત્તવાળા આત્માઓને; ખંજવાળના રોગીને ખંજવાળમાં જેમ વિપરીત

બુદ્ધિ થાય છે તેમ કુકૃત્ય કૃત્ય અને કૃત્ય અકૃત્ય જણાય છે.''-આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સમજી શકાય છે કે અવેદ્યસંવેદ્યપદવાળા ભવાભિનંદી જીવોનું ચિત્ત વ્યામૂઢ હોય છે. અર્થાદ્ મોહથી ગ્રસ્ત હોય છે. તેથી તેમને પ્રાણાતિપાત અસત્ય...વગેરે કુકૃત્યો, કૃત્ય (કરવા યોગ્ય) લાગે છે અને અહિંસાદિ કૃત્યો અનાચરણીય (કરવા માટે અયોગ્ય) લાગે છે. ખંજવાળનો રોગ જેને થયો હોય તેને જેમ ખંજવાળવાની પ્રવૃત્તિ અકૃત્ય હોવા છતાં કૃત્ય લાગે છે; તેમ જ કૃમિથી આકુળ-વ્યાકુળ બનેલા કોઢના રોગીને જેમ અગ્નિના સેવનમાં કર્ત્તવ્યત્વની બુદ્ધિ થાય છે તેમ અહીં ભવાભિનંદી આત્માઓને કૃત્યાદિને વિશે અકૃત્યત્વાદિની બુદ્ધિ થાય છે. ભવાભિનંદી જીવોને અવેદ્યસંવેદ્યપદના કારણે જ એવી વિપરીત બુદ્ધિ થાય છે.

**'कण्डूकण्डूयनादिवद्'** આનું તાત્પર્ય વર્ણવતાં યોગ-દૃષ્ટિ સમુચ્ચયની ટીકામાં (શ્લો.નં. ૮૧) કથાનક જણાવ્યું છે. કોઈ ખંજવાળનો રોગી હતો. ખંજવાળવાના અતિરેકથી એના નખ પણ ખલાસ થઈ ગયા. એટલે તે ઘાસની સળી વગેરેથી ખંજવાળતો હતો. પરંતુ એક વાર ખંજવાળવા માટે તેને ઘાસની સળી મળી નહીં. એવામાં જેની પાસે ઘાસનો પૂળો છે એવા વૈદ્યનું તેને દર્શન થયું. તેણે તેની પાસે ઘાસની સળી માંગી. તેણે તેને તે આપી પણ ખરી. તેથી તે ખુશ થયો. સંતુષ્ટ થયેલા તેણે વિચાર્યું કે-ખરેખર આ ધન્ય પુરુષ છે કે જેની પાસે ખંજવાળવા માટે આટલી ઘાસની સળીઓ છે. આમ મનમાં ચિંતવીને તેણે તે વૈદ્ય

મુસાફરને પૂછ્યું કે ક્યાં આટલી ચિકાર પ્રમાણમાં ઘાસની સળીઓ મળે છે ? ત્યારે તેણે તે રોગીને કહ્યું કે-'લાટદેશમાં મળે છે, પરંતુ તારે એનું શું કામ છે ?' તેથી ખંજવાળના રોગીએ કહ્યું કે-'મારે ખંજવાળવા માટે જોઈએ છે.' આ સાંભળીને વૈદ્યપથિકે તેને કહ્યું કે-'આ ઘાસની સળીનું કામ જ નહીં પડે. સાત દિવસમાં જ તારી ખંજવાળ દૂર કરી દઉં ! ત્રિફળાનો પ્રયોગ શરૂ કર.' ત્યારે એ વાત સાંભળીને રોગીએ કહ્યું કે-જો ખંજવાળ જ દૂર થઈ જાય, તો ખંજવાળવાનો આનંદ જતો રહે, પછી જીવવાનું જ વ્યર્થ બને ! તેથી ત્રિફળાના પ્રયોગ વડે સર્યું !

કથાનકનો આશય સ્પષ્ટ છે કે ખંજવાળના રોગીને જેમ ખંજવાળવાની બુદ્ધિની નિવૃત્તિ થતી નથી, પણ ઉપરથી વધ્યા જ કરે છે તેમ આ ભવાભિનંદી એવા અવેદ્યસંવેદ્યપદવાળા આત્માઓની ભોગેચ્છાની નિવૃત્તિમાં બુદ્ધિ થતી નથી પણ ઉપરથી વધ્યા જ કરે છે, જેથી વૃદ્ધાવસ્થામાં પણ ઔષધાદિનું સેવન કરી તેઓ ભોગેચ્છાને વધાર્યા કરતા હોય છે. ॥૨૨-૩૦॥

❀❀❀

ઉપર જણાવ્યા મુજબ ભવાભિનંદી જીવોને જેથી વિપરીત બુદ્ધિ થાય છે તેથી તેઓ જે કરે છે તે જણાવાય છે. અર્થાદ્ વિપરીત બુદ્ધિનું ફળ વર્ણવાય છે-

**एतेऽसच्चेष्टयात्मानं, मलिनं कुर्वते निजम् ।**
**बडिशामिषवत्तुच्छे, प्रसक्ता भोगजे सुखे ॥२२-३१॥**

''આ ભવાભિનંદી જીવો, માછલાને પકડવાના કાંટામાં રહેલા માંસના કટકા જેવા અત્યંત તુચ્છ એવાં

ભોગજન્ય સુખોમાં અત્યંત આસક્ત બનેલા; અસત્ ચેષ્ટા દ્વારા પોતાના આત્માને મલિન કરે છે.''-આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે બડિશામિષની જેમ અલ્પ-તુચ્છ અને ખૂબ જ ભયંકર વિપાક(ફળ)વાળા; ભોગથી ઉત્પન્ન થતા સુખમાં ખૂબ આસક્ત બનેલા ભવાભિનંદી જીવો; મહારંભ અને મહાપરિ-ગ્રહાદિની દુષ્ટ પ્રવૃત્તિ દ્વારા પોતાના આત્માને કર્મરજના સંબંધથી મલિન કરે છે.

ભવાભિનંદી જીવો પ્રાણાતિપાતાદિ અસત્પ્રવૃત્તિ દ્વારા અવિચારી કાર્યો વડે પોતાના આત્માને પાપસ્વરૂપ ધૂળથી મલિન કરે છે. કર્મભૂમિમાં ધર્મના કારણભૂત મનુષ્યજન્મને પામીને પણ ધર્મના બીજાધાનાદિને વિશે પ્રયત્ન કરતા નથી અને તુચ્છ એવા ભોગોની પ્રવૃત્તિમાં આસક્ત બની સત્ ચેષ્ટા(ધર્મસાધના)નો ત્યાગ કરે છે. આ દારુણ અજ્ઞાન-દશાનો વિપાક છે... ઈત્યાદિ યોગદષ્ટિસમુચ્ચયથી (શ્લો.નં. ૮૨-૮૩-૮૪ થી) વિચારવું જોઈએ.

||૨૨-૩૧||

❀❀❀

અવેદ્યસંવેદ્યપદના નિરૂપણનો ઉપસંહાર કરાય છે-

**अवेद्यसंवेद्यपदं, सत्सङ्गागमयोगतः ।**
**तद्दुर्गतिप्रदं जेयं, परमानंदमिच्छता ।।२२-३२।।**

જે કારણથી આ અવેદ્યસંવેદ્યપદનો દારુણ વિપાક છે, ''તેથી દુર્ગતિને આપનાર એવા અવેદ્યસંવેદ્યપદને; પરમાનંદની ઈચ્છાવાળાએ સત્સઙ્ગ અને આગમના યોગે જીતવું જોઈએ...''-આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અર્થ

છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ આ અવેદ્યસંવેદ્યપદ અત્યંત કઠોર અને દારુણ વિપાકવાળું છે. તેથી તે નરકાદિ દુર્ગતિમાં લઈ જનારું છે. જેમને પરમાનંદ સ્વરૂપ મોક્ષની(મોક્ષસુખની) ઈચ્છા હોય તેઓએ તેને જીતવું જોઈએ.

એ અવેદ્યસંવેદ્યપદને જીતવા માટે સત્સઙ્ગ અને આગમ : એ બંન્નેના યોગ સિવાય બીજું કોઈ સાધન નથી. પૂ. સાધુભગવંતો પાસે ઉચિત રીતે આગમનું પુણ્યશ્રવણ કરવામાં આવે તો અવેદ્યસંવેદ્યપદનો પરાભવ કરી શકાય છે. આપણે પૂ. સાધુભગવંતો પાસે જતા નથી-એવું નથી અને આગમનું શ્રવણ કરતા નથી-એવું પણ નથી. પરંતુ સાધુમહાત્માઓનો સઙ્ગ આગમના પુણ્યશ્રવણ માટે કરવો જોઈએ અને આગમનું પુણ્યશ્રવણ સાધુમહાત્માની પાસે જ કરવું જોઈએ. એનો ખ્યાલ આપણે લગભગ રાખતા નથી. આગમનું જ્ઞાન આગમના શ્રવણથી મેળવવું જોઈએ અને આગમનું શ્રવણ પૂ. સાધુમહાત્મા પાસે વિધિપૂર્વક કરવું જોઈએ, જેથી અવેદ્યસંવેદ્યપદને જીતવાનું ખૂબ જ સરળ બને.

આમ તો અવેદ્યસંવેદ્યપદ પહેલી ત્રણ દૃષ્ટિઓમાં પણ હતું. પરંતુ તેને જીતવા માટેની ભૂમિકા આ ચોથી દૃષ્ટિમાં જ પ્રાપ્ત થાય છે. એ પૂર્વે એવી ભૂમિકા જ ન હોવાથી ત્યાં તેને જીતવાનું કોઈ પણ રીતે શક્ય નથી અને આ ચોથી દૃષ્ટિમાં તો એવી ભૂમિકા તૈયાર હોવાથી અવેદ્યસંવેદ્યપદને જીતવાનું સહજ જ બને છે. આથી સમજી શકાશે કે અહીં ચોથી દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદને જીતવાના ઉપદેશની આવશ્યકતા નથી અને એ પૂર્વે એનો ઉપદેશ

નિરર્થક બને છે. આથી જ આવા પ્રસઙ્ગે આગમને પ્રવર્ત્તક ન માનતા અનુવાદપરક મનાય છે. પ્રસિદ્ધ અર્થને જણાવવું: એ અનુવાદ છે અને અપ્રાપ્તની પ્રાપ્તિ માટે ઉપાય જણાવવો : એ ઉપદેશ છે. આગમ ઉપદેશક જ હોય છે-એવું નથી. કવચિદ્ એ અનુવાદપરક પણ હોય છે-એમ યોગાચાર્યો વર્ણવે છે... અંતે ગ્રંથકાર પરમર્ષિએ જણાવેલી દિશાએ સત્સઙ્ગ અને આગમના યોગે અવેદ્ય-સંવેદ્યપદને જીતીને આપણે સૌ પરમાનંદના ભાજન બની રહીએ એ જ એક અભ્યર્થના... ॥૨૨-૩૨॥

॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां तारादित्रयद्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥